## આજનો સુવિચાર

ઈશ્વર માનવીને લાયકાત કરતાં વધારે સુખ નથી આપતો અને સહનશક્તિ કરતાં વધારે દુઃખ પણ નથી આપતો

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૩૯ જૂનાગઢ તા.૩૦-૫-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 139, Junagadh : Date : 30 May, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


## અમેરીકામાં ૨૧ વર્ષનાં ભારતીય વિદ્યાર્થીની ગોળીમારી હત્યા

ન્યૂયોર્કતા. ૩૦: અમેરિકાના ફિલાડેલ્ફીયામાં ૨૧ વર્ષીય ભારતીય મૂળના વિદ્યાર્થીની ગોળી મારીને હત્યા કરવામાં આવીછે. મૃત વિદ્યાર્થીની ઓળખ જુડ ચાકો તરીકે થઈ છે. કામ પરથી પરતફરતી વખતે અજાણ્યા હુમલાખોરો દ્વારા ભારતીય મૂળના વિદ્યાર્થીની ગોળી મારીને હત્યાકરવામાં આવી હતી. રિપોર્ટ અનુસાર, 'તેના માતા-પિતા લગભગ ૩૦વર્ષ પહેલા કેરળના કોલ્લમ જિલ્લામાંથી અમેરિકા સ્થાયી હતા.' જુડ ચાકો એક વિદ્યાર્થી હતોજેણે પાર્ટ ટાઈમ પણ કામ કર્યું હતું. લૂંટના પ્રયાસમાં બે લોકોએ તેના પર હુમલો કર્યો હતો. ચાલુ વર્ષે આ બીજી ઘટના છે જેમાં અમેરિકામાં ભારતીય મૂળના વિદ્યાર્થીને નિશાન બનાવીને મારી નાખવામાં આવ્યો હતો. આ પહેલા, ૨૧ એપ્રિલ, ૨૦૨૩ના રોજ આંધ્રપ્રદેશના ૨૪ વર્ષીય વિદ્યાર્થીની યુએસમાં ફયુઅલ સ્ટેશન પર ગોળીમારીને હત્યા કરવામાં આવી હતી.

## આજે પણ ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી

અમદાવાદ તા. ૩૦

રાજ્યમાં હજીપણ કમોસમી વરસાદનો કહેર ઓછો થયો નથી. આજે પણ ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી કરવામા આવી છે. જેમાં અમદાવાદ, ગાંધીનગર, ખેડામાં માવઠાની આગાહી કરી છે. તો અરવલ્લી, સાબરકાંઠા અને પાટણમાંમાવઠાની આગાહી છે. મહીસાગર અને દાહોદમાં પણ વરસાદની આગાહી છે. ખેડા અને પંચમહાલમાં પણ માવઠું પડી શકે છે. વડોદરા, ભરૂચ, મોરબી અને કચ્છમાં કમોસમી વરસાદ આવી શકે છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ગુજરાતમાં માવઠાની અસરજોવા મળી રહી છે.

## રાજયસભાનાં સાંસદ રામભાઈ મોકરીયાની સોશિયલ મિડીયા પોસ્ટે ભારે ચકચાર જગાવી

રાજકોટ તા. ૩૦

રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરિયા દ્વારા સોશિયલ મીડિયામાં એક પોસ્ટ પર કોમેન્ટ કરવામાં આવી છે, જેમાં તેમણે લખ્યું છે કે, ભાજપના એક ખૂબ જ જૂના નેતા મને મારા રૂપિયા પરત આપી રહ્યા નથી. તેમની નીતિ ખુબ જ ખરાબ છે. મેં રૂપિયા આપ્યા તેના મારી પાસે પુરાવા પણ છે અને જરૂર જણાશે તો આવનારા દિવસોમાં વધુ પ્રુફ સાથે ખુલાસા કરીશ. રાજકોટમાં રહેતા રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરિયા આજે ફરી એક વખત ચર્ચામાં આવ્યા છે. આજે સોશિયલ મીડિયામાં કરેલ એક કોમેન્ટના કારણે તે ચર્ચામાં આવ્યા છે ત્યારે સમગ્ર મામલે રામભાઈ મોકરિયાએ જણાવ્યું હતું કે મને મારા રૂપિયા ભાજપના એક સિનીયર નેતા પરત આપી નથી રહ્યા. વર્ષ ૨૦૦૮ થી ૨૦૧૧ સુધીમાં વ્યવહારીક બાબતો અને હાથઉછીના પેટે અલગ-અલગ મોટી રકમ આપી છે, જે પરત આપવામાં નેતા આનાકાની કરી રહ્યા છે. અનેક વખત રૂપિયા પરત લેવા માટેની માગણી કરી, અનેક વખત મધ્યસ્થીઓને કહ્યું પરંતુ, રૂપિયા પરત આપતા નથી.

# આવતીકાલે ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરીણામ

અમદાવાદ તા.૩૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકશિક્ષણ બોર્ડદ્વારા માર્ચ મહિનામાં લેવાયેલી ધો. ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું આવતીકાલે પરિણામ જાહેર કરવામાં આવશે. શિક્ષણ બોર્ડની વેબસાઈટ પર સવારે ૮ વાગ્યે જાહેર કરાશે, વોટ્સએપ નંબર મોકલી વિદ્યાર્થીઓ પરિણામ મેળવી શકશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦અને ૧૨ની પરીક્ષા માર્ચ મહિનામાં યોજાઈ હતી. જેનું પરિણામ જાહેર થઈ રહ્યું છે. અગાઉ ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ જાહેર થયું હતું. ત્યારબાદ ધોરણ ૧૦નું પરિણામ જાહેર થયુંઅને હવે આવતીકાલે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થશે. અગાઉના પરિણામની જેમ જ વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ તથા વોટ્સએપ નંબર પર સીટ નંબર મોકલીને પરિણામ મેળવી શકશે.

રાજયભરના ૪.૫૦ લાખ વિદ્યાર્થીઓએ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી. અગાઉ ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ જાહેર થયું હતું. ત્યારથી વિદ્યાર્થીઓને પરિણામને લઈને આતુરતા હતી, જેનો હવે અંત આવ્યો છે.

આવતીકાલે સવારે ૮ વાગ્યે બોર્ડની વેબસાઈટ પર ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ ૬૩૫૭૩૦૦૯૭૧ નંબર પર પોતાનો સીટ નંબર મેસેજ કરીને પરિણામ મેળવી શકશે.

# વૈષ્ણોદેવી જઈ રહેલી બસ જમ્મુ નજીક ઉંડી ખીણમાં ખાબકતા ૧૦ શ્રધ્ધાળુઓનાં મોત : ૨૦ ગંભીર

શ્રીનગર, તા. ૩૦ : જમ્મુ-કાશ્મીરમાં આજે સવારે બનેલી એક દુ:ખદ દુર્ઘટનામાં યાત્રાળુઓથી ભરેલી એક બસ ઊંડી ખીણમાં પડી ગઈ હતી. જેમાં ૧૦ મુસાફરોનાં મોત થયા હતા. આ દુર્ઘટનામાં ઘાયલ થયેલાં મુસાફરોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં ૧૦ મુસાફરોનાં મોત થયા હોવાના રિપોર્ટ સામે આવ્યા છે. જયારે ૨૦ લોકોને ગંભીર ઈજા પહોંચી છે.

આ ગમખ્વાર ઘટના જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ પર બની હતી. મુસાફરોથી ભરેલી બસ એક ઊંડી ખીણમાં પડી ગઈ હતી. અધિકારીઓના જણાવ્યા મુજબ, બસ અમૃતસરથી કટરા જઈ રહી હતી. જેમાં સવાર યાત્રીઓ વૈષ્ણોદેવી માં નાં દર્શન કરવા માટે જઈ રહ્યા હતા. મૃતકોના મૃતદેહો પંચનામા બાદ પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. જયારે ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ, આ બસ દુર્ઘટના જમ્મુ જિલ્લાના કટરાથી લગભગ ૧૫ કિલોમીટર દૂર જઝ્ઝર કોટલી પાસે બની હતી.પોલીસે જણાવ્યું કે, ગંભીર રીતે ઘાયલ લોકોને જીએમસી જમ્મુમાં ખસેડવામાં આવ્યા હતા.

૧૨ અન્ય લોકોને સ્થાનિક સાર્વજનિક સ્વાસ્થ્ય કેન્દ્રમાં ભરતી કરવામાં આવ્યા છે. પોલીસે જણાવ્યું કે, ઘટના કેવી રીતે બની તેના વિશે હજુ માહિતી મળી નથી. જો કે, આ મામલેકેસ દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મુસાફરોની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. આ બસ સફેદ અને ગુલાબી રંગની હતી અને તેના પર પ્રિન્સ ટ્રાવેલ્સ લખેલું છે.

# રૂા. ૨૦ લાખથી રૂા. ૧ કરોડ સુધીનાં બેંક ધિરાણમાં વન ટાઈમ સેટલમેન્ટ યોજના આવશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હીતા. ૩૦

દેશમાં કોર્પોરેટ ક્ષેત્રને માટેબાકી ધિરાણ અને નોન-પર્ફોમીંગ એસેટસમાં (એનપીએ)માં ઉપરાંત ડેટ રીકવરી ટ્રીબ્યુનલ તથા નેશનલ કંપની લો-ટ્રીબ્યુનલ દ્વારા અપાતા 'હેર-કટ' જેવી જ ઓફર બેંકોના રૂા.૨૦લાખથી રૂા.૧ કરોડ સુધીના ધીરાણમાં પણ કરવા સૂચના આપી છે. હાલઆ રેન્જના ધિરાણમાંજેઓ એનપીએ થયા હોય અને વસુલાતની પ્રક્રિયા પણ ઠપ્પ થઈ પડીહોય તેવા ડેટ રીકવરી ટ્રીબ્યુનલ સમક્ષ રાષ્ટ્રીયકૃત બેંકોના પેન્ડીંગ છે તેમાં ૭૨-૭૪ ટકા કેસ રૂા.૩૦ લાખથી રૂા.૧ કરોડની ધિરાણ મર્યાદા અંગેના છે અને તેથી બેંકો તથા ટ્રીબ્યુનલ બન્નેનું ભારણ વધી ગયુ છે. આ કેસમાં હવે સમાધાન ભૂમિકા પર લઈ જઈને વનટાઈમ સેટલમેન્ટહેઠળ બાકીદારોને વ્યાજ-પેનલ્ટી વિગેરેમાં ચોકકસ રાહત ઓફર કરીને ધિરાણ ભરપાઈ થઈ જાય તે જોવા જણાવાયુ છે.

આ માટે રાષ્ટ્રીયકૃત બેંકોએ તેની પોલીસી ઘડવાની રહેશે અને તેમાં કેસ-ટુ-કેસ આ પ્રકારે વન-ટાઈમ સેટલમેન્ટ ઓફર કરવાના રહેશે. હાલમાં જ લોકસભામાં એકપ્રશ્નના જવાબમાં જણાવાયું હતું કે ડેટ રીકવરી ટ્રીબ્યુનલ પાસે ફેબ્રુઆરી ૨૦૨૩ની સ્થિતિએ ૧.૫૮ લાખ કેસ પેન્ડીંગ છે.

# ૩૧ મે સુધીમાં હાઈવેલ્યુ ટ્રાન્જેકશનની ઈન્કમટેકસ વિભાગને જાણ કરી દેવા તાકીદ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૩૦

ઈન્કટેકસ વિભાગે બેંકો,કંપનીઓ, કેપિટલ માર્કેટમાં સક્રિય હોય તેવી પેઢીઓ, વિદેશી હુંડીયામણના ડીલરોને ટ્વીટ કરીને જાણ કરી છેકે, તેમણે ૩૧મી મે સુધીમાં તેમના સ્ટેટમેન્ટ ઓફ ફાયનાન્સીયલ ટ્રાન્ઝેકશન જમા કરાવી દેવા. જો આ STF જમા કરાવવામાં વિલંબ થશે તો દૈનિક રૂ.૧૦૦૦ની પેનલ્ટી થઈ શકશે.

ઈન્કમટેક્સ વિભાગને ૩૧ મે સુધીમાં નાણાંકીય વર્ષ ૨૦૨૨ - ૨૩ના એસએફટીરજૂ કરવાના હોય છે. જો એસએફટી રજૂ કરવામાં વિલંબ થાય અથવાતો ચૂક થાય તો દૈનિક રૂા.૧૦૦૦ની પેનલ્ટી થશે. આ સ્ટેટમેન્ટ ફાઈલ નહી કરનાર અથવાતો ચોકસાઈ પૂર્વક રજૂ નહી કરનારને પણ પેનલ્ટી થશે. બેંકો, સહકારી બેંકો, ડિવિડન્ડ ઈસ્યુ કરતી કંપનીઓને ઈન્કમટેક્સ વિભાગને નાણાંકીય વ્યવહારો અંગે જાણ કરવાની હોય છે. કેપિટલ માર્કેટની પેઢીઓ. વિદેશી હૂંડિયામણના ડિલરોને પણ વાર્ષિક અહેવાલ રજૂ કરવાનો હોય છે. એસટીએફમાં રૂા.૧૦ લાખ ઉપરાંતની રોકડથી ડીડી અને અથવા પે ઓર્ડર અથવા બીજી બેંક ઈન્સ્ટ્રૂમેન્ટ, રૂા.૫૦ લાખની રોકડ જમા કરાવવી કે ઉપાડવી.રૂા.૧૦ લાખ ઉપરાંતની ટાઈમ ડિપોઝિટ વગેરેનો સમાવેશ કરાય છે.

જુન માસની ધિરાણ સમિક્ષા નીતિની બેઠકમાં

# રીઝર્વ બેંક વ્યાજદરમાં ઘટાડો કરશે તેવા સંકેતો : ચોમાસા ઉપર નજર

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હીતા. ૩૦

બેંકના ધિરાણ લેનાર માટે હવે અચ્છે દિન આવી રહ્યા છે. લગભગ ૧ વર્ષથી વધુ સમય વ્યાજદરમાં સતત વધારા બાદ હવે રીઝર્વ બેંક તેની જૂન માસની ધિરાણ નીતિ સમીક્ષા બેઠકમાં વ્યાજદરમાં ઘટાડો કરી શકે છે.

ખાસ કરીને બેંકોના વ્યાજદર વધારાથી તમામ ધિરાણ મોંઘા તો થયા જ છે. સાથોસાથ બેંકોને તેના થાપણોના દરો વધારવાની પણ જરૂરપડી છેઅને તેના કારણેબેંકોને તેના ઓપરેટીંગ માર્જીન પર અસર પડે તેવી ધારણા છે તથા ખાસ કરીને રૂા.૨૦૦૦ની નોટબંધીથી બેંકોમાં આ નોટોના સ્વરૂપમાં જંગી નાણા ઠલવાશે જેમાં મોટી રકમ ફિકસ ડિપોઝીટના સ્વરૂપમાંપણ આવીશકે છે.

જેના પર બેંકોએ ઉંચો વ્યાજદર ચૂકવવો પડશે અને તે પણ લાંબાગાળા માટે આ થાપણો મુકાય તો બેંકોના માર્જીન પર અસર થઈ શકે છે. રૂા.૨૦૦૦ની નોટો પાછી ખેચવાથી બેંકોમાં લીકવીડીટી પણ વધશે પણ બજારોમાં નાણું ખેચાતા અહી રોકડ નાણાની તંગી સર્જાઈ શકે છે તેવી શકયતા નહીવત છે તેવું નોટબંધીના સપ્તાહમાં જે રીતેસ્થિતિ બની છે તેનાથી નિશ્ચિત થાય છે. જો કે રિઝર્વ બેંકની સૌથી મોટી ચિંતા નેઋત્યનું ચોમાસુ રહેશે જેના માટે હજુ સાવચેતીભરી આગાહી થઈ છે.

# જો મહારાષ્ટ્રમાં આજે ચૂંટણી થાય તો ભાજપ - શિંદે સરકારને ભારે ફટકો પડે : સર્વે

મુંબઈ,તા. ૩૦ : મહારાષ્ટ્રમાં આગામી વર્ષે લોકસભાની સાથે વિધાનસભાની ચૂંટણી પણ યોજાશે. જેને ધ્યાનમાં રાખીને, મહારાષ્ટ્રના સકલમીડિયા જૂથે એનડીએ સરકાર પ્રત્યે સામાન્ય લોકોની ભાવનાઓ પર એક સર્વે કર્યો છે. સર્વેમાં એ જાણવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો છે કે મહારાષ્ટ્રના મતદારો વર્તમાન રાજકીય ઘટનાક્રમ વિશે શું માને છે ? સર્વેમાં એવું પણ પૂછવામાં આવ્યું હતું કે ૨૦૨૪ની ચૂંટણીમાં વોટ આપતી વખતે તમે કઈ પાર્ટીને પસંદ કરશો સર્વેના પરિણામો દર્શાવે છે કે રાજયના મુખ્યમંત્રી એકનાથ શિંદેને મોટો ફટકો પડી શકે છે, જયારે સર્વેમાં ભાજપને સૌથી વધુ ફાયદો થતો જોવા મળી રહ્યો છે. સર્વે અનુસાર, જો આજે ચૂંટણી થાય તો ભાજપ રાજયમાં નંબર વન પાર્ટી બની શકે છે અને ૩૩.૮ ટકા વોટ મેળવી શકે છે, જયારે એકનાથ શિંદેના નેતૃત્વવાળી શિવસેનાને માત્ર ૫.૫ ટકા વોટ મળી શકે છે. આ રીતે સમગ્ર NDAને માત્ર ૩૯.૩ ટકા વોટ શેર મળી શકે છે.

# દુષ્કર્મનાં આરોપીને મથુરાની પોકસો કોર્ટે ફાંસીની સજા ફટકારી

નવી દિલ્હી,તા. ૩૦ : મથુરાની પોક્સો કોર્ટે દુષ્કર્મ બાદ બાળકની હત્યાના કેસમાં આરોપીને ૧૫ દિવસમાં દોષિત ઠેરવ્યો છે. કોર્ટે ૮ વર્ષની બાળકી પર બળાત્કાર કરીને તેની હત્યા કરવાના દોષિત વ્યક્તિને ફાંસીની સજા સંભળાવી છે. ચુકાદો આપતી વખતે કોર્ટે કહ્યું કે દોષિત મોહમ્મદ સૈફને મૃત્યુ સુધી ફાંસી આપવામાં આવે.

સદર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના ઔરંગાબાદમાં ૮ એપ્રિલે એક ૮ વર્ષની છોકરીની દુષ્કર્મ બાદ હત્યા કરવામાં આવી હતી. છોકરીનો મૃતદેહ ઘર પાસેના નાળામાંથી મળી આવ્યો હતો. વિશેષ સરકારી વકીલ અલકા ઉપમન્યુએ કહ્યું કે આ કેસમાં તૈયારી બતાવીને પોલીસે ૨૮ એપ્રિલે કોર્ટમાં ચાર્જશીટ પણ મોકલી હતી. પોસ્કો કોર્ટમાં તેની સુનાવણી શરૂ થઈ હતી. ચાર્જશીટ દાખલ થયા બાદ કોર્ટે ૨ મેના રોજ આરોપીઓ પર આરોપ ઘડ્યો હતો. ૮ મેના રોજ કોર્ટમાં પ્રથમ જુબાની લેવામાં આવી હતી અને ૧૮ મે સુધીમાં તમામ ૧૪ સાક્ષીઓની જુબાની પૂર્ણ થઈ હતી. સ્પેશિયલ પબ્લીક પ્રોસિક્યુટરે કહ્યું કે ૨૨ મેના રોજ સજાના મુદ્દા પર દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીને દોષિત ઠેરવતા સજા નક્કી કરવા માટે આગામી તારીખ નક્કી કરી હતી.

# છેલ્લા ૯ વર્ષમાં સોનાનાં રોકાણકારોને ૧૨૦ ટકાથી વધુનું વળતર મળ્યું

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૩૦

કેન્દ્રમાં વડાપ્રધાન મોદીના સત્તામાં આવ્યાને ૯ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ ૯ વર્ષમાં જે રીતે શેરબજારે રોકાણકારોને ૧૫૦ ટકા થી વધુ વળતર આપ્યું છે. તે જ સમયે, પરંપરાગત રોકાણકારો જે સોનામાં રોકાણ કરવાનું પસંદ કરે છે તેમને પણ સમૃદ્ધ બનાવવામાં આવ્યા છે. સોનાએ આ સમયગાળા દરમિયાન રોકાણકારોને ૧૨૦ ટકાથી વધુ વળતર આપ્યું છે. બીજી તરફ મોદી સરકારે ગોલ્ડ પોલિસીમાં પણ ઘણા ફેરફાર કર્યા છે.

સરકાર ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ લઈને આવી તો બીજી તરફ ગુજરાતના ગિફ્ટ સિટીમાં ઈન્ડીયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ પણ ખોલવામાં આવ્યું. સોવરિન ગોલ્ડ બોન્ડ ભૌતિક સોનાને ઘટાડવા માટે આવ્યા હતા, જે અત્યાર સુધી ખૂબ જ સફળ રહ્યા છે.


ગુજરાતમાં એકમાત્ર ગેરંટીથી તમારા ડોકયુમેન્ટ ઉપરનું લેમીનેશન ખુલી શકે છે

જય ઝેરોક્ષ & લેમીનેશન
પંચનાથ મંદિર પાસે, લીમડા ચોકથી નજીક, ખાવડાવાળાની સામે, રાજકોટ.
94272 54342 / M. 92657 45271

Harshal Mataria Mo. 99251 99048
99251 99002



MAX
Health & Beveragess
PACKED
DRINKING WATER
મેક્સ હેલ્થ એન્ડ બેવરેજી
વંથલી રોડ, ટીંબાવાડી, જૂનાગઢ

દુકાન વેચવાની છે

જૂનાગઢનાં ભરચક વિસ્તાર પંચહાટડી ચોકમાં જે.ડી. ચેમ્બર પહેલા માળે બે દુકાન નં. ૭ અને ૮ કુલ ૨૦૨ ફુટ વેચાણથી આપવાની છે. તદ્ન વ્યાજબી ભાવમાં

સંપર્ક : ૯૯૨૫૭ ૫૫૦૦૮




તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...




અમારા અન્ય પ્રિમીયમ એડીબલ ઓઈલ્સ : કપાસિયા • સનફલાવર • મકાઈ • સોયાબીન

જૂનાગઢ શહેરમાં ઉપલબ્ધ : ઠા. ધીરજલાલ વનમાળીદાસ 97231 97530, 94283 73350 ; રમેશચંદ્ર મગનલાલ એન્ડ સન્સ 94266 34036

પર પણ ઉપલબ્ધ | www.ranioil.com | /rani oils


C M Y K

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# કર્ણાટકની વિપક્ષોને શિખામણ મજબુત નેતૃત્વ મહત્વ પૂર્ણ

કર્ણાટકમાં જે રીતે કોંગ્રેસે વાપસી કરી છે અને જે આસાનીથી નેતૃત્વના સંકટને સંભાળ્યું, તેનાથી ખબર પડે છે કે કોંગ્રેસપોતાની જૂની કુશળતાને ફરીથી હાંસલ કરી રહી છે. સિધ્ધારમૈયા મુખ્યમંત્રીપદ માટે સ્વાભાવિકપસંદ હતા, જે આખા કર્ણાટકમાં બહુ વધારે સ્વીકાર્ય હતા અને ઓબીસી, મુસ્લિમ અને દલિતોથી બનેલી જૂની 'અહિંદા' વોટબેંકનો ચહેરો હતા. ડીકે શિવકુમાર પોતાની સીમાઓ જાણતા હતા અને આકરી સોદાબાજી બાદ બીજા નંબરના પદ માટે માની ગયા -તેમણે સત્તા ભાગીદારીના સૌથી બહેતર માટે સોદાબાજી કરી, જે કામ કરી ગઈ. હવે બધાની નજરો એ વાત પર છે કે બંને કઈ રીતે મળીને કામ કરે છે અને રાજ્યને સુશાસન પ્રદાન કરે છે, જેના માટે લોકોએ તેમને ચૂંટ્યા છે. શું કર્ણાટકના પરિણામની અસર આ વર્ષ બાદ થનારી રાજ્ય ચૂંટણીઓ પર પડશે? અને ૨૦૨૪માં નરેન્દ્ર મોદીનો મુકાબલો કરવા માટે સમગ્ર વિપક્ષને એક સાથે લાવવામાં તે કઈ હદ સુધી મદદગાર બનશે?

કર્ણાટકની જીતથી કોંગ્રેસને મદદ મળશે, કારણ કે તેણે હતાશ પાર્ટી કાર્યકર્તાઓમાં ઉત્સાહનો સંચાર કર્યો છે, જે હિમાચલ પ્રદેશની જીત પહેલાં ભૂલી ગયા હતા કે ચૂંટણી જીતનો સ્વાદ કેવો હોય છે? પરંતુ કર્ણાટકની જીત રાજસ્થાનમાં મુખ્યમંત્રી અશોક ગેહલોત અને સચિન પાયલટ વચ્ચે વિવાદની આગ બુઝાવી દેશે, એવું અસંભવ છે. મધ્ય પ્રદેશમાં કોંગ્રેસ સારી સ્થિતિમાં છે, પરંતુ કર્ણાટક જીતને કારણે નહીં, પરંતુ શિવરાજ સિંહ ચૌહાણ વિરુદ્ધ સત્તા વિરોધી લહેરને કારણે. તે ઉપરાંત, મધ્ય પ્રદેશ ભાજપમાં મતભેદ છે, જેવું કે કર્ણાટકમાં પણ હતું.

કહેવાય છે કે હાલમાં છત્તીસગઢમાં ફિફટી-ફિફટીની સ્થિતિ છે. રાજસ્થાનથી વિપરીત ત્યાં મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ ટીએસ બાબાને પ્રભાવી રીતે હાંસિયામાં ધકેલવામાં સફળ રહ્યા, જેમને હાલમાં જ ઓસ્ટ્રેલિયામાં રજાઓ ગાળતા જોવામાં આવ્યા. ભાજપ અહીં ભ્રષ્ટાચારને એક મોટો મુદ્દો બનાવવાની કોશિશ કરી રહી છે અને હજુ એ ખબર નથી કે શરાબ કૌભાંડની ઈડી તપાસ કઈ હદ સુધી બઘેલ અને તેમના પુત્રને પ્રભાવિત કરશે અને ભાજપ તેનો કેવો લાભ ઉઠાવશે.

ભૂપેશ બઘેલે ગરીબ સમર્થક ઉપાય કર્યા છે, જેમ કે ગ્રામીણ અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવા માટે ખેડૂતો માટે ગરીબ પરિવારો પાસે બે રૂપિયે કિલોગ્રામ ગોબર ખરીદવું, બાયોગેસ માટે તેનો ઉપયોગ કરવો, ગરીબ પરિવારોની આવક વધારવામાં મદદ કરવી, આ બધું તેમના પક્ષમાં જાય છે. તે ઉપરાંત તેમને પ્રાદેશિક ઓળખનું 'છત્તીસગઢીયા' કાર્ડ પણ ખેલ્યું છે તથા રાજ્યના સાંસ્કૃતિક વારસાને નરમ હિંદુ પ્રતીકો જેમ કે 'રામ વન ગમનપથ' સાથે જોડ્યો છે. બઘેલ છેલ્લા પાંચ વર્ષમાં વધુ મજબૂત થઈને ઉભર્યા છે અને જો ત્યાં કોંગ્રેસ ફરીથી જીતે છે, તો તેને પાર્ટીની જીત કરતાં વધુ તેમની જીત તરીકે જોવામાં આવશે. કર્ણાટકની જેમ આજે છત્તીસગઢમાં પણ કોંગ્રેસ પાસે ભરોસો કરવા લાયક સ્થાનિક સ્તર પર મજબૂત નેતૃત્વ છે. એવું ભાજપ સાથે નથી, તેની પાસે રાજ્યમાં પ્રભાવી નેતૃત્વનો અભાવ છે અને પૂર્વ મુખ્યમંત્રી રમન સિંહ કેટલાંક કારણોસર પરિદ્રશ્યથી ગાયબ છે.

સૈધ્ધાંતિક રૂપે કર્ણાટકની જીત મલ્લિકાર્જુન ખડગેને ગેહલોત અને પાયલટને સુલેહ માટે એક સાથે બેસાડવા માટે પ્રેરિત કરી શકે છે, જેથી આગામી ચૂંટણીઓમાં સીટોના ભાગલા પર સમજૂતી થઈ શકે. બની શકે કે પાયલોટ રાજી પણ થાય, પરંતુ ગેહલોતના માનવાની સંભાવના નથી. ગેહલોત અને પાયલોટ વચ્ચે સંબંધો અસ્વાભાવિક રૂપે કડવા થઈ ગયા છે. માનવામાં આવે છે કે રાજસ્થાનના મુખ્યમંત્રીએ દોસ્તોને કહી રાખ્યું છે કે તેઓ જ્યાં સુધી છે ત્યાં સુધી પાયલટને મુખ્યમંત્રી નહીં બનવા દે! તેઓ જયપુરમાં પાયલટ માટે રસ્તો બનાવવાને બદલે ગાંધી પરિવારની ઈચ્છાઓના ધજાગરા ઉડાડવા અને પાર્ટી અધ્યક્ષ પદની ઓફર છોડવા માટે પણ તૈયાર હતા. એવી સ્થિતિમાં, રાજસ્થાનમાં યુધ્ધ વિરામની સંભાવના નથી દેખાતી અને રાજ્યમાં તેના પોતાના પરિણામ હશે. પરંતુ ભાજપ પણ વિભાજિત અને ભ્રમિત છે.

જ્યાં સુધી વિપક્ષની વાત છે તો કોંગ્રેસ સાથે પોતાની એકજુટતા દર્શાવવા માટે બેંગલુરુ પહોંચેલા વિપક્ષી નેતાઓમાં જાણીતી હસ્તીઓ હતી, પરંતુ તેમની સંખ્યામાં કોઈ વધારો નથી થયો. મહત્ત્વપૂર્ણ વાત એ હતી કે મમતા બેનર્જી શપથ ગ્રહણ સમારોહમાં ન આવ્યાં, જોકે તેમણે તેમની પાર્ટીમાંથી કોઈને મોકલ્યા હતા. અખિલેશ યાદવ પણ નહોતા ગયા. અરવિંદ કેજરીવાલને આમંત્રિત જ નહોતા કરાયા. હાલમાં સંકટોથી ઘેરાયેલા કેજરીવાલને કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પાર્ટીઓના સમર્થનની જરૂર છે. પરંતુ નીતિશ કુમારને બાદ કરતાં, જેમણે તેમનું સમર્થન કર્યું છે, વિપક્ષ તરફથી એ સમર્થન કેજરીવાલને નથી મળ્યું. કોંગ્રેસની જીતે વિપક્ષી દળોમાં આશા જગાવી છે. તેણે એ દેખાડી દીધું કે ભાજપને મોદી અને શાહના સતત ચૂંટણી પ્રચાર છતાં હરાવવા સંભવ છે.

જોકે કર્ણાટકની જીતે પ્રાદેશિક નેતાઓને પણ ચિંતામાં મૂકી દીધા છે, કેશું કોંગ્રેસ તેમની કિંમત પર પોતાની તાકાત વધારશે? આખરે કર્ણાટકમાં કોંગ્રેસને ફાયદો તો જેડીએસની કિંમત પર જ મળ્યો, કારણ કે મુસ્લિમ મતદાર આસાનીથી જેડીએસમાંથી ખસીને કોંગ્રેસના પક્ષમાં ખસી ગયા. આ જ વાત મમતા, અખિલેશ અનેકેજરીવાલ માટે પણ ચિંતાનો વિષય છે. વિપક્ષી ગઠબંધનના પક્ષમાં અલ્પસંખ્યક મતોને મજબૂત કરવા માટે આ તેમને કોંગ્રેસની સાથે ગઠબંધન કરવા મજબૂર કરી શકે છે. પરંતુ તેને સ્પષ્ટ કરવું પડશે, કારણ કે દરેક પાર્ટી હવે ઉત્સાહપૂર્વક પોતાના જનાધારની રખેવાળી કરી રહી છે. તેથી જ્યારે નીતિશ કુમાર સક્રિય રૂપે એક રાષ્ટ્રીય વિપક્ષી મોરચો બનાવવાની કોશિશ કરી રહ્યા છે, તો તેને માત્ર તેના સામાન્ય અર્થમાં જ ન જોવું જોઈએ, કારણ કે આ જ પ્રાદેશિક નેતાઓ પોતપોતાના રાજ્યમાં કોંગ્રેસ કે એકબીજા સાથે જોડાશે. કોંગ્રેસ અને વિપક્ષી દળો માટે કર્ણાટકની શિખામણ એ છે કે મજબૂત સ્થાનિક નેતૃત્વ મહત્ત્વપૂર્ણ છે તથા પરિપક્વ વલણ અને લેવા-દેવાની ભાવનાથી મતભેદોને ઉકેલી શકાય છે.

# રાજકોટ જિલ્લામાં પોલીયો રસીકરણની ૮૧.૫૧% કામગીરી પૂર્ણ ૧,૭૬,૪૧૩ બાળકોના લક્ષ્યાંક સામે ૧,૪૩,૭૯૩ બાળકોને રસી અપાઈ




(પ્રતિનિધિ દ્વારા)
રાજકોટ તા.૩૦

સમગ્ર ભારતમાં અમલી "પોલિયો રસીકરણ ઝુંબેશ" અન્વયે રાજયના આરોગ્ય વિભાગ દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં તા.૨૮થી ૩૦મે સુધી ત્રિ-દિવસીય "ખાસ પોલિયો રસીકરણ" અભિયાન હાથ ધરવામાં આવેલ છે,જેના ભાગરૂપે નજીકનાં વિસ્તારમાં ઉભા કરાયેલા રસીકરણ કેન્દ્રો ઉપર બાળકોને પોલીયો વિરોધી રસીનાં બે ટીપા અવશ્ય પીવડાવવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. નિલેશ રાઠોડએ જાહેરજનતાને અનુરોધ કર્યો હતો. રાજકોટ જિલ્લાની વિગતો આપતાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.નિલેશ રાઠોડએ જણાવ્યું હતું કે, "પેટા રાષ્ટ્રીય રસીકરણ દિવસ-૨૦૨૩" અન્વયે જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરીના માર્ગદર્શન હેઠળ રાજકોટ જિલ્લામાં પડધરી તાલુકાનાં ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા દ્વારા સરપદડ ખાતે બાળકને પોલીયોના બે ટીપા પીવડાવી બુથની શરૂઆત કરવામાં આવી હતી.

રાજકોટ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ૦ થી ૫ વર્ષના બાળકોને ૯૨૮ બુથ ઉપર અને જાહેર સ્થળો ઉપર ૧૭૦૧ ટીમ અને ૩૩૭૫ આરોગ્યકર્મીઓ દ્વારા પોલીયો બુથ ઉપર કુલ ૧,૭૬,૪૧૩ બાળકોને પોલીયોની રસીના બે ટીપા પીવડાવવામાં આવશે. રાજકોટ રી-પ્રોડક્ટીવ ચાઈલ્ડ હેલ્થ ઓફિસર ડો.એમ.એસ.અલીએ જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લામાં રસીકરણનાં ૧,૭૬,૪૧૩બાળકોના લક્ષ્યાંક સામે અત્યાર સુધીમાં કુલ ૧,૪૩,૭૯૩બાળકોને પોલિયો વિરોધી રસી આપી બાળકોને રક્ષિત કરવાની રસીકરણની ૮૧.૫૧% કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. આરોગ્ય ટીમ દ્વારા હાઉસ ટુ હાઉસ મુલાકાત લઈને બાકી રહેલા બાળકોને તા.૩૦-૫-૨૦૨૩ સુધીમાં પોલીયો રસી આપવાનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર, વાડી વિસ્તાર વગેરેમાં રસીકરણ માટે ફીમેલ હેલ્થ વર્કર, રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર, મેડિકલ ઓફિસર અને આશાની ટીમ જહેમત ઉઠાવી રહી છે. સમગ્ર કાર્યક્રમનું સુપરવિઝન અને મોનીટરીંગ તાલુકા આરોગ્ય અધિકારી, પી.એચ.સી. મેડિકલ, એમ.પી.એચ.એસ., એફ.એચ.એસ. અને જિલ્લાની ટીમ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

# રાજકોટ જિલ્લામાં કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ ૫૪૬ ગામોમાં જુદી જુદી ૯૫ ટીમ દ્વારા જંત્રી રીવીઝન સર્વે-૨૦૨૩ની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ





(પ્રતિનિધિ દ્વારા)
રાજકોટ તા.૩૦

રાજ્ય સરકારની "જંત્રી રીવીઝન સર્વે-૨૦૨૩" ઝુંબેશ અન્વયે રાજકોટ જિલ્લામાં કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શનહેઠળ મામલતદારઓ દ્વારા નેશનલ તથા સ્ટેટ હાઈવે, નદી કિનારા, તાલુકા હેડ કવાર્ટર, પહાડી વિસ્તાર, ઉદ્યોગો/કોલેજ ધરાવતા ગામો વગેરેનાં ગામ-તાલુકા વાઈઝ ક્લસ્ટર બનાવી એક ટેક્નીકલ કર્મચારી અને સુપરવાઈઝર તરીકે નાયબ મામલતદાર/વિસ્તરણ અધિકારી મળી અંદાજિત ૩૦૦ કર્મચારીઓની કુલ ૯૫ ટીમો દ્વારા રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકાઓનાં ૫૪૬ ગામોમાં જંત્રી રીવીઝનની કામગીરી તા.૧૫ મે થી ૨૯ મે સુધીમાં પૂર્ણ કરાઈ છે. આ કામગીરીની ડેટા એન્ટ્રી પૂર્ણ થયા બાદ પ્રાંત અધિકારી દ્વારા ચકાસણી કરી જિલ્લા કક્ષાએથી સ્ટેમ્પ ડ્યુટી મૂલ્યાંકન તંત્ર અને કલેકટર કચેરી દ્વારા ચકાસણી કરવામાં આવશે, જે પૂર્ણ થયેથી રાજ્ય કક્ષાએ સરકારને અહેવાલ કરવામાં આવશે તેમ જિલ્લા કલેકટર પ્રભવ જોશીની યાદીમાં જણાવાયું છે.

# સુત્રાપાડાના પ્રશ્નાવડા ગામે પીએમ કિશાન યોજના અંતર્ગત આધાર સીડીગ કેમ્પનું યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)
સુત્રાપાડા તા. ૩૦

ભારત સરકારની પ્રધાનમંત્રી કિશાન સન્માનનિધિ યોજના અંતર્ગત ખાતેદાર ખેડૂતોના ખાતામાં દર ચાર મહિને રૂપિયા ૨૦૦૦ સીધા જ ખેડૂતોના ખાતામાં જમા થાય છે. જે અંતર્ગત હાલ કેન્દ્ર સરકારની સૂચના મુજબ જે લોકોનું બેંક ખાતા સાથે આધારકાર્ડ **update** ન હોય અથવા અથવા આધાર સીડીગ ન હોય એવા **pm kishan** યોજનાના લાભાર્થીઓને ઈન્ડિયન પોસ્ટમાં ખાતું ખોલાવવાનું રહશે જો આવુ ન કરતા તે લોકોને આગામી હપ્તો મળવાપાત્ર નથી. જે અનુસંધાને ગીર સોમનાથ જિલ્લામાં તેમજ સુત્રાપાડા તાલુકાના દરેક ગામમાં પણ આધાર સીડીગ કેમ્પ ચાલુ છે. આ અંગે વધુ લોકો આ કેમ્પમાં જોડાય તે માટે ગ્રામસેવકનો સંપર્ક સાધવો. જો આધાર સીડીગ બાકી હશે તો આગામી ૧૪મો હપ્તો મળવાપાત્ર નહીં રહે. જેમાં હાલ સુત્રાપાડા તાલુકાના પ્રશ્નાવડા ગામે આધાર સીડીગ માટે કેમ્પ રાખવામાં આવેલો હતો જેમાં બાહોળી સંખ્યામાં લોકો હાજર રહી અનેપોસ્ટમાં ખાતા ખોલવામાં આવ્યા હતા અને પોતાનું આધાર સીડીગ પૂર્ણ કર્યુ હતુ.આ કેમ્પમાં ગામના સરપંચ મસરિભાઈ વાઝા તેમજ વરસિગભાઈ જાદવ ફઝઈ પ્રતિકભાઈ પુરોહિત તેમજ ૈજરદ્બહ ગ્રામસેવક મહેશભાઈ અને પોસ્ટ ડિપાર્ટમેન્ટમાથી દિલીપભાઈ જોશી હાજર રહયા હતા

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

પોતાની નીંદા સહન કરનાર વ્યક્તિએ સમગ્ર વિશ્વ પર વિજય મેળવ્યો છે.

- મહાભારત

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.દએ-૧૩૯૨, મુ. જીલ્કાદ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, જયેષ્ઠ સુદ-૧૦ ગંગા દશહરા સમાપ્તિ તા.૩૦ મે ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૧૮, મુસ્લિમ તા.૯, હસ્ત નક્ષત્ર, સિધ્ધિયોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૦૬, સૂ.અ.૭:૩૧ આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : પ્રિયજનથી સહકાર મળે. વ્યર્થ કંટાળાનું ભોગ બનવું પડે.
વૃષભ : કાર્ય વિલંબથી પૂર્ણ થાય. આવક કરતા જાવક વિશેષ રહે.
મિથુન : મનની મનમાં રહે. વ્યર્થ પુરૂષાર્થ થાય.
કર્ક : આર્થિક સમસ્યા હળવી બને. સંતાનથી લાભ.
સિંહ : અટકી પડેલા કાર્ય પૂર્ણ થાય. મન પ્રફુલિત રહે.
કન્યા : માનસિક અસ્વસ્થતા રહે. ગૃહવિવાદ થાય.
તુલા : સમસ્યાનો ઉકેલ મળે. મનોકામના પૂર્ણ થાય.
વૃશ્ચિક : વ્યર્થ ભાગદોડ થાય. કાર્ય વિલંબમાં પડે.
ધન : મિલન-મુલાકાત સફળ બને. મન પ્રફુલિત રહે.
મકર : કૌટુંબિક ઘર્ષણનો યોગ છે. તબિયત બાબતે સંભાળવું.
કુંભ : ચિંતાનો ઉકેલ મળે. બુધ્ધિ અને ચતુરાઈથી આયોજન પાર પાડી શકશો.
મીન : મનની મુરાદ બર ન આવે. પ્રવાસથી લાભ થાય.

# રાજકોટ જિલ્લાના ગૃહિણીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષિત બેરોજગાર યુવાનો, સિનિયર સિટીઝન્સ માટે અર્બન હોટીકલ્ચર ડેવલોપમેન્ટ તાલીમ યોજાશે




(પ્રતિનિધિ દ્વારા)
રાજકોટ તા.૩૦

રાજકોટ જિલ્લામાં નાયબ બાગાયત નિયામક કચેરીના અર્બન હોર્ટીકલ્ચર ડેવલોપમેન્ટ સેન્ટર દ્વારા કિચન ગાર્ડન, ન્યુટ્રીશન ગાર્ડન, હર્બલ ગાર્ડન, રૂફટોપ ગાર્ડન, બાલ્કની ગાર્ડન, એડિબલ ગાર્ડન, સ્મોલ સ્કેલ હઈડ્રોપોનિક્સ, માઈક્રો ગ્રીન્સ, અર્બન હોર્ટીકલ્ચર, વેલ્યુ એડિશન ઈન હોર્ટીકલ્ચર,સ્મોલ સ્કેલ પ્રોસેસિંગ, પેરી અર્બન હોર્ટીકલ્ચર વિગેરે જેવા વિષયો ઉપર તાલીમ આપવામાં આવશે. આ તાલીમોમાં ગૃહિણીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષિત બેરોજગાર યુવાનો, સિનિયર સિટીઝન તેમજ અન્ય ઈચ્છુક નાગરિકો વહેલા તે પહેલાના ધોરણે આ તાલીમમાં ભાગ લેવા માટેની નોંધણી કરાવી શકશે.

નોંધણી કરાવવા માટે મદદનીશ બાગાયત નિયામકની કચેરી જૂની કલેકટર કચેરી કમ્પાઉન્ડ, ફેમિલી કોર્ટની સામે, હોસ્પિટલ ચોકની બાજુમાં રાજકોટ ખાતે રૂબરૂ અથવા ટેલિફોન નં ૦૨૮૧-૨૪૪૫૫૧૭ ઉપર સંપર્ક કરવાનો રહેશે, તેમ નાયબ બાગાયત નિયામક, રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# ખંભાળિયાના પાદરમાંથી અજાણ્યા યુવાનનો મૃતદેહ સાંભળ્યો



(કુંજન રાડિયા દ્વારા)
જામ ખંભાળિયા તા.૩૦

ખંભાળિયા શહેર નજીકના એક પુલિયા નીચેથી ગઈકાલે પોલીસને એક અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. ખંભાળિયા શહેરથી આશરે ત્રણ કિલોમીટર દૂર આવેલી આશાપુરા માઈનકેમ કંપનીની બાજુમાંથી પસાર થતાં એક નાળા પાસે અજાણ્યા યુવકનો મૃતદેહ પડ્યો હોવાનું પોલીસના ધ્યાને આવ્યું હતું. આથી પોલીસ સ્ટાફે ત્યાં દોડી જઈને મૃતદેહનો કબજો સંભાળી, પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી કરી હતી. આશરે ૪૦ વર્ષના કોઈ અજાણ્યા યુવાનનું જૂની બીમારી સબબ મૃત્યુ થયાનું પ્રાથમિક અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે. જે અંગે પોલીસે હાલ અકસ્માત મૃત્યુંઅંગેની નોંધ કરી, આગળની તપાસ હાથ ધરી છે.

# જુનાગઢ જિલ્લાના માંગરોળમાં કોટેચા પરિવાર દ્વારા થયેલ ચક્ષુદાન



(નિલેશ રાજપરા દ્વારા)
માંગરોળ તા. ૩૦

જુનાગઢ જીલ્લાના માંગરોળમાં રહેતા સ્વ. કોટેચા ભાવનાબેન પરેશભાઈ ઉ.વર્ષ.૫૦ કે જેઓ પરેશભાઈ પોપટભાઈ કોટેચાના ધર્મપત્નિ થાય છે.તેમજ વેરાવળ પીપલ્સ બેંકમાં ફરજ બજાવતા હેમેન્દ્રભાઈ કોટેચાના ભાભી થાય છે.જેમનું આજ રોજ તા.૨૯.૦૫.૨૦૨૩ ને સોમવાર,જેઠ સુદ નોમના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ ભાવનાબેન કોટેચાએ મટુબેન છાત્રોડિયાના માધ્યમથી ગત તા.૧૭.૦૫.૨૦૨૩ના રોજ ચક્ષુદાનનો સંકલ્પ કરેલ હતો.અને ખુબ જ ટુંકા ગાળામાં તેમનું આજ રોજ નિધન થયેલ.

આથી આ દુ:ખદ સમયે તેમના પરિવાર દ્વારા સદગતના ચક્ષુદાન કરવાના સદવિચારને માંગરોળ તાલુકાના વરિષ્ઠ પત્રકારશ્રી વિનુભાઈ મેસવાણિયા દ્વારા આરેણા સ્થિત શિવમ્ ચક્ષુદાન સલાહકેંદ્રના સંચાલક સામે મુકેલ.

આથી નેત્ર કલેક્શન માટે રહિજ ગામના વતની અને હાલ અધ્યારુ હોસ્પિટલમાં ફરજ બજાવતા હરદીપસિંહ જેઠવા દ્વારા બપોરના ૦૨:૦૦ કલાકે સદગતના નેત્રનું કલેકશન કરવામાં આવ્યું હતું.અને આજના ચક્ષુનો સ્વિકાર દિવ્યેશભાઈ ઘેરવડા અને કેતનભાઈ ભાદરકા દ્વારા કરવામાં આવ્યો છે.આ સમયે તેમના કુટુંબીજનો અને સગા સ્નેહીજનો ઉપસ્થિત રહી સહકાર આપેલ.

સ્વર્ગસ્થ ભાવનાબેનના બંન્ને ચક્ષુ ડૉ.થાનકી સાહેબની મુનિ સંત બાલાજી આઈ બેંક અને હોસ્પિટલ વેરાવળ,જિ.ગીર સોમનાથને કરશનભાઈ વાજા દ્વારા પહોંચાડવામાં આવ્યાં હતાં.

કોટેચા પરિવારના ચક્ષુદાનના આ વિચારને શિવમ્ ચક્ષુદાન-આરેણા બિરદાવે છે અને સ્વ.ભાવનાબેનને શ્રધ્ધાંજલી અર્પે છે.

કોટેચા પરિવાર દ્વારા થયેલ આ મહાદાનને શિવમ્ ચક્ષુદાન ગૃપ-આરેણા, માંગરોળ જાયન્ટ્સ ગૃપ, વંદેમાતરમ્ ગૃપ-માંગરોળ, સ્વ.લક્ષ્મણભાઈ એ.નંદાણિયા વિવિધલક્ષી સેવાકીય ટ્રસ્ટ-માંગરોળ, સંજીવની નેચર ફાઉન્ડેશન-માંગરોળ,શ્રી ડુગરગુરુ સ્થાનક વાસી જૈન યુવક મંડળ જુનાગઢ,માંગરોળ તાલુકાના પત્રકાર મિત્રો, ઈન્ડિયન હ્યુમન રાઈટ્સ એસોસિયેશન-માંગરોળ દ્વારા બિરદાવવામાં આવે છે.

# સ્ટુડન્ટ વિઝા દૃષ્ટિકોણથી ભારતીયોનું UKના કુશળ કામદારો ઉપર વધુ વર્ચસ્વ



લંડન, તા.૩૦
લંડનમાં તાજેતરમાં રોજ જાહેર કરાયેલા સત્તાવાર ઈમિગ્રેશન આંકડાઓ અનુસાર, છેલ્લા એક વર્ષમાં UK દ્વારા જારી કરાયેલા કુશળ કામદારો અને વિદ્યાર્થી વિઝાની સંખ્યામાં ભારતીય નાગરિકો ટોચ ઉપર છે. UK હોમ ઓફિસ દ્વારા એકત્રિત કરવામાં આવેલ ઓફિસ ફોર નેશનલ સ્ટેટિસ્ટિક્સ (ONS) ડેટા દર્શાવે છે કે, રાષ્ટ્રીય આરોગ્ય સેવા (NHS)માં સ્ટાફની અછતને ભરવાના હેતુથી ખાસ લક્ષિત હેલ્થકેર વિઝા સહિત ક્રોસ-સેક્ટર કુશળ કાર્ય માટે ભારતીય નાગરિકો ટોચની રાષ્ટ્રીયતા ઉપર હતા. તેઓ નવા ગ્રેજ્યુએટ પોસ્ટ સ્ટડી વર્ક રૂટ હેઠળ વિઝા મંજૂર કરાયેલા વિદ્યાર્થીઓનું સૌથી મોટું જૂથ પણ બનાવે છે, જે અનુદાનના ૪૧ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે.

હોમ ઓફિસ વિશ્લેષણ મુજબ, 'ભારતીય નાગરિકો વર્કર કેટેગરીમાં વિઝા માટે ટોચની રાષ્ટ્રીયતામાં આવતા હતા, જે અનુદાનના ત્રીજા ભાગનું (૩૩ ટકા) પ્રતિનિધિત્વ કરે છે અને કુશળ કામદાર અને કુશળ કાર્યકર આરોગ્ય અને સંભાળ વિઝા બંને માટે તેઓ અત્યાર સુધી ટોચની રાષ્ટ્રીયતા હતા.

માર્ચ ૨૦૨૩ના અંતે પૂરા થયેલા વર્ષમાં અગાઉના વિદ્યાર્થીઓને કુલ ૯૨,૯૫૧ સ્નાતક માર્ગ એક્સ્ટેન્શન આપવામાં આવ્યા હતા. ભારતીય નાગરિકો વિદ્યાર્થીઓના સૌથી મોટા જૂથનું પ્રતિનિધિત્વ કરે છે જેમને સ્નાતક માર્ગ ઉપર રહેવાની રજા આપવામાં આવી હતી, જે અનુદાનના ૪૧ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે.

તાજેતરના આંકડા અનુસાર, ભારતીયોને આપવામાં આવતા કુશળ વર્કર વિઝામાં ૬૩ ટકાનો વધારો થયો છે, જે ૨૦૨૧-૨૨માં ૧૩,૩૯૦થી વધીને ૨૦૨૨-૨૩માં ૨૧,૮૩૭ થઈ ગયો છે. હેલ્થકેર વિઝા કેટેગરીમાં ભારતીયોએ ૧૪,૪૮૫થી ૨૯,૭૨૫ સુધી ૧૦૫ ટકાનો વધારો નોંધાવ્યો છે. માર્ચ ૨૦૨૩માં પૂરા થયેલા વર્ષમાં ભારતીય નાગરિકોને ૧,૩૮,૫૩૨ સ્પોન્સર્ડ સ્ટડી વિઝા ગ્રાન્ટ આપવામાં આવ્યા હતા, જે માર્ચ ૨૦૨૨માં પૂરા થયેલા વર્ષની સરખામણીમાં ૫૩,૪૨૯ (+૬૩ ટકા)નો વધારો અને કોઈપણ રાષ્ટ્રીયતાને આપવામાં આવેલા અભ્યાસ વિઝાની સૌથી મોટી સંખ્યા છે. માર્ચ ૨૦૧૯ના અંતે પૂરા થયેલા વર્ષથી ભારતીય નાગરિકો માટે અભ્યાસ માટેની અનુદાનમાં નોંધપાત્ર વધારો થયો છે અને હવે તે લગભગ સાત ગણો વધારે છે, વિશ્લેષણ નોંધે છે.

માર્ચ ૨૦૨૩ના રોજ પૂરા થયેલા વર્ષમાં નાઈજીરિયામાં પ્રાયોજિત અભ્યાસ વિઝા ધારકોની સૌથી વધુ સંખ્યા (૬૬,૭૯૬) હતી, જે માર્ચ ૨૦૨૨ના રોજ પૂરા થતાં વર્ષમાં ૨૭,૧૩૭થી વધીને ૨૨,૫૯૮થી વધીને ૪૨,૩૮૧ પર આશ્રિતોની સંખ્યામાં બીજા ક્રમે છે. UKના હોમ સેક્રેટરી સુએલા બ્રેવરમેને આશ્રિત પરિવારના સભ્યોને લાવવાના વિદ્યાર્થી વિઝા ધારકોના અધિકાર ઉપર કડક કાર્યવાહીની જાહેરાત કર્યાના દિવસો પછી તાજેતરનો ડેટા આવ્યો છે, જે તેને માત્ર PHD સ્તરના વિદ્યાર્થીઓ સુધી મર્યાદિત કરે છે. બ્રેવરમેને હાઉસ ઓફ કોમન્સમાં સ્થળાંતરને રોકવા માટેના પગલાંના નવા પેકેજની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, 'આ પેકેજમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે આશ્રિતોને લાવવાનો અધિકાર દૂર કરવા સિવાય કે તેઓ હાલમાં સંશોધન કાર્યક્રમો તરીકે નિયુક્ત અનુસ્નાતક અભ્યાસક્રમો ઉપર હોય.' તાજેતરમાં ના રોજ જાહેર કરાયેલા NOSના તાજેતરના આંકડાઓ પહેલા તેને વ્યાપકપણે પૂર્વ-ઉત્તેજક પગલાં તરીકે જોવામાં આવ્યું હતું કે, યુકેમાં ચોખ્ખું સ્થળાંતર ૨૦૨૨-૨૩માં રેકોર્ડ ૬૦,૬૦,૦૦૦ સુધી પહોંચી જશે, જે અગાઉના વર્ષના ૫,૦૪,૦૦૦થી વધુ હતું, જે કામદારોમાં તીવ્ર વધારો અને યુરોપિયન યુનિયન (EU)ની બહારના વિદ્યાર્થીઓ દ્વારા સંચાલિત હતું.

ONSએ જણાવ્યું હતુ કે, EUની બહારના વધુ લોકો વિદ્યાર્થી અને વર્ક વિઝા ઉપર UKમાં આવી રહ્યા છે, તેમજ યુક્રેન અને હોંગકોંગ યોજનાઓ, બધાએ યોગદાન આપ્યું છે. ડેટા ઉપર પ્રતિક્રિયા આપતા વડાપ્રધાન ઋષિ સુનકે કહ્યું, સંખ્યા ખૂબ વધારે છે અને હું તેમને નીચે લાવવા માંગુ છું. તેમણે ITVને જણાવ્યું હતું કે, વિદેશી વિદ્યાર્થીઓ માટે વિઝા નિયમોને કડક બનાવવાના પગલાં જે આ અઠવાડિયે મૂકવામાં આવ્યા હતા તે 'નોંધપાત્ર' હતા અને સમયજતાં સ્તર નીચે લાવશે. કુલ માઈગ્રેશનને ઘટાડવાના પ્રયાસમાં આવતા વર્ષથી માત્ર પોસ્ટ-ગ્રેજ્યુએટ રિસર્ચ પ્રોગ્રામ્સ ઉપરના લોકો જ તેમના પરિવારને UKમાં લાવી શકશે. સંખ્યામાં વધારો શાસક કન્ઝર્વેટિવ પાર્ટીની અંદરથી ઈમિગ્રેશનના ધોરણો ઉપર કડક કાર્યવાહી માટેના કોલને વધુ તીવ્ર બનાવશે, જે ખાસ કરીને બ્રેક્ઝિટના પગલે એકંદર સંખ્યાને નીચે લાવવાનું ચૂંટણી લક્ષ્ય ધરાવે છે. જો કે, નિષ્ણાતો ચેતવણી આપે છે કે, એકંદર નેટ સ્થળાંતર આંકડામાં વિદેશી વિદ્યાર્થીઓનો સમાવેશ કરવો એ પોતે જ એક ખામીયુક્ત અભિગમ છે.

આપણી પાસે એવી પરિસ્થિતિ છે કે, જ્યાં સ્થળાંતરના આંકડા લોકોને ડરાવે છે અને હું આ ખૂબ જ ભારપૂર્વક અનુભવું છું, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ ઉપરના ઓલ પાર્ટી પાર્લામેન્ટરી ગ્રુપ (APPG)ના સહ-અધ્યક્ષ લોર્ડ કરણ બિલિમોરિયાએ કહ્યું, જેમણે સંસદમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે, આપણે કુલ માઈગ્રેશન આંકડાઓમાંથી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને બાકાત રાખવા જોઈએ. અમેરિકા અને ઓસ્ટ્રેલિયા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ સાથે અસ્થાયી સ્થળાંતર તરીકે વર્તે છે. અમે બિનજરૂરી રીતે તેમનો સમાવેશ કરીને ઈમિગ્રેશનનો ભય પેદા કરી રહ્યા છીએ કારણ કે, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ, એકંદરે તેઓ જ્યાંથી આવે છે ત્યાં પાછા જાય છે.

# કૃષ્ણ જન્મભૂમિ વિવાદ : અલ્હાબાદ હાઈકોર્ટે મથુરા કોર્ટને તમામ અરજીઓ ટ્રાન્સફર કરવાનો આદેશ આપ્યો

લખનૌ, તા.૩૦
અલ્હાબાદ હાઈકોર્ટે તાજેતરમાં મથુરાની નીચલી અદાલતમાં શ્રી કૃષ્ણ જન્મભૂમિ-શાહી ઈદગાહ મસ્જિદ વિવાદ સંબંધિત તમામ પેન્ડિંગ દાવાઓ પોતાની પાસે ટ્રાન્સફર કરી લીધા છે. હાઈકોર્ટે મથુરા નીચલી અદાલતને આગામી બે અઠવાડિયામાં સંબંધિત રેકોર્ડ સાથે તમામ કેસ હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવાનો નિર્દેશ આપ્યો છે. હાઈકોર્ટે, ૩ મેના રોજ, કેસને ટ્રાન્સફર કરવાની માંગ કરતી અરજી ઉપર આદેશ અનામત રાખ્યો હતો, જેમાં હિંદુઓએ જે જમીન ઉપર શાહી મસ્જિદ ઈદગાહ બાંધવામાં આવી છે તેના ઉપર હકનો દાવો કર્યો હતો, તે કેસ મથુરા નીચલી કોર્ટમાંથી હાઈકોર્ટમાં આવ્યો હતો. જસ્ટિસ અરવિંદકુમાર મિશ્રાની અલ્હાબાદ હાઈકોર્ટની બેન્ચે વકીલ રંજના અગ્નિહોત્રી અને અન્ય સાત લોકો દ્વારા મથુરાના કટરા કેશવ દેવ ખેવત ખાતે ભગવાન શ્રી કૃષ્ણ વિરાજમાન સહિત હિન્દુઓ દ્વારા કરવામાં આવેલી અરજીને ટ્રાન્સફરની મંજૂરી આપી હતી. કોર્ટે આદેશ આપ્યો કે, ત્વરિત ટ્રાન્સફર એપ્લિકેશનને મંજૂરી છે. જિલ્લા ન્યાયાધીશ, મથુરાને સમાન પ્રકૃતિના આવા તમામ કેસોની સૂચિ તૈયાર કરવી જોઈએ જેમાં સ્પષ્ટ રીતે અથવા સૂચિત રીતે આવા કેસો અને આ દાવા/કેસોની વિગતો સામેલ છે. ઉપરોક્ત રેકોર્ડ સાથે, બે અઠવાડિયાની અંદર આ કોર્ટને યોગ્ય રીતે ફોરવર્ડ કરવામાં આવે અને તે આ કોર્ટની સ્વ-મોટો સત્તાઓના ઉપયોગથી આ કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવશે. આ કેસના પ્રતિવાદીઓમાં શાહી મસ્જિદ ઈદગાહની મેનેજમેન્ટ કમિટી, શ્રી કૃષ્ણ જન્મભૂમિ ટ્રસ્ટ, કટરા કેશવ દેવ અને શ્રી કૃષ્ણ જમના



સ્થાન સેવા સંસ્થાનનો સમાવેશ થાય છે. એડવોકેટ વિષ્ણુ શંકર જૈન, પ્રભાષ પાંડે અને પ્રદીપકુમાર શર્મા દ્વારા દાખલ કરવામાં આવેલી ટ્રાન્સફર અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે મથુરા કોર્ટ સમક્ષ પેન્ડિંગ દાવાઓમાં સંકળાયેલા મુદ્દાઓ ભગવાન કૃષ્ણના કરોડો ભક્તો સાથે સંબંધિત છે અને આ કેસ રાષ્ટ્રીય રીતે મહત્વનો છે, તેથી તેની સુનાવણી હાકોર્ટમાં થવી જોઈએ. અરજદારોએ કેસને ટ્રાન્સફર કરવા માટેની અરજીમાં એવો પણ દાવો કર્યો હતો કે મથુરા કોર્ટ સમક્ષ પેન્ડિંગ દાવાઓ હાઈકોર્ટમાં રાખવા જોઈએ કારણ કે તેમાં કાયદાના નોંધપાત્ર પ્રશ્નો સામેલ છે અને ભારતના બંધારણના અર્થઘટનને લગતા પ્રશ્નો પણ છે. અરજદારોએ કહ્યું કે, મથુરામાં સિવિલજજ (વરિષ્ઠ વિભાગ)ની કોર્ટ સમક્ષ દાખલ કરાયેલા પ્રારંભિક દાવાને પગલે, પ્રારંભિક અરજીની સામગ્રીની શબ્દશઃ નકલ સાથે સંખ્યાબંધ દાવાઓ દાખલ કરવામાં આવ્યા હતા. તે તમામ દાવાઓ સમાન પ્રકૃતિના હતા અને વિષયવસ્તુ તેમજ આ કેસોમાં માંગવામાં આવેલ રાહત પણ સમાન હતી. આ અરજીની સુનાવણી કરતી વખતે, હાઈકોર્ટે સિવિલ પ્રોસિજર કોડ (CPC)ની કલમ ૨૪(૧)(b)નો ઉલ્લેખ કરીને નોંધ્યું હતું કે ઉપરોક્ત જોગવાઈ મુજબ, સબઓર્ડિનેટ કોર્ટમાં પેન્ડિંગ દાવો પાછો ખેંચી શકાય છે અને હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરી શકાય છે. એડવોકેટ પુનિતકુમાર ગુપ્તા, બિરેન્દ્રપ્રસાદ મૌર્ય, દેવીદકુમાર સિંહ, કમલેશ નારાયણ પાંડે, નસીરૂઝમાન,૨ પ્રતિક રાય, રાધેશ્યામ યાદવ અને વરૂણસિંહ પ્રતિવાદીઓર તરફથી હાજર રહ્યા હતા.

## હવે મહારાષ્ટ્રમાં શિંદે-ભાજપ વચ્ચે વિખવાદના સંકેત

# ભાજપ-શિવસેના વચ્ચે કોઈ જ વિવાદ નથી : ફડનવીસ

મુંબઈ, તા.૩૦
મુખ્યમંત્રી એકનાથ શિંદેના શિવસેના સાંસદ ગજાનન કીર્તિકરના નિવેદનો ઉપર પડદો પાડતા ભાજપના નેતા અને રાજ્યના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે આગામી લોકસભા ચૂંટણીમાં સીટની વહેંચણી અંગે શિંદે સેના સાથે કોઈ ચર્ચા થઈ નથી. ચર્ચા ક્યારે થશે તેની માહિતી આપવામાં આવશે. ફડણવીસે સ્પષ્ટતા કરી હતી કે ભાજપ અને શિવસેના વચ્ચે કોઈપણ પ્રકારનો વિવાદ નથી. નોંધનીય છે કે, શિંદે સેનાના સાંસદોએ તાજેતરમાં એક બેઠકનું આયોજન કર્યું હતું. જેમાં તેમણે લોકસભામાં ૨૨ બેઠકોનો દાવો કર્યો હતો. ઉદ્ધવ સેનામાંથી પક્ષપલટો કરનારા અને શિંદે કેમ્પમાં જોડાઈ ગયેલા ૧૩ સાંસદોને પોતપોતાની બેઠકો ઉપર જાળવી રાખવા અંગે ચર્ચા થઈ હતી. બાકીની પાંચ બેઠકો સાથે શિંદે જૂથે રાયગઢ, શિરૂર, ઔરંગાબાદ અને અમરાવતી ઉપર પણ દાવો કર્યો છે. શિંદે સેનાના સાંસદ ગજાનન કીર્તિકરે આરોપ લગાવ્યો હતો કે ભાજપ શિંદે જૂથ સાથે સાવકી મા જેવું વર્તન કરી રહ્યું છે. આ માહિતી મુખ્યમંત્રી એકનાથ શિંદેને આપવાની વાત પણ કહી. કીર્તિકરના નિવેદનને શિંદે સેના અને બીજેપી વચ્ચે તિરાડ તરીકે જોવામાં આવી રહી છે. શુક્રવારે અહમદનગરમાં પત્રકારો સાથે વાત કરતા ફડણવીસે કહ્યું કે સીટોની વહેંચણી ઉપર હજુ સુધી કોઈ ચર્ચા થઈ નથી, તેથી ટેન્શન ન લો. જ્યારે કીર્તિકરના નિવેદન વિશે પૂછવામાં આવ્યું ત્યારે ફડણવીસે કહ્યું કે કીર્તિકરે આવી કોઈ વાત કરી નથી. આ સમગ્ર સમાચાર પાયાવિહોણા છે. બેઠકોની વહેંચણીને લઈને કોઈની સાથે ચર્ચા થઈ નથી. જ્યારે તે હશે ત્યારે તમને જણાવવામાં આવશે. અમારા ગઠબંધનમાં કોઈ વિવાદ નથી. મુખ્યમંત્રી એકનાથ શિંદેએ પણ લોકસભા ચૂંટણીમાં બેઠક વહેંચણી અંગેની ચર્ચા અંગે સ્પષ્ટતા આપી છે. તેમણે કહ્યું કે શિવસેના અને ભાજપ ખૂબ જૂના મિત્રો છે. બધું ગોઠવાઈ જશે, કોઈએ ચિંતા કરવાની જરૂર નથી. આગામી લોકસભા ચૂંટણીની તૈયારીઓ માટે મહારાષ્ટ્ર કોંગ્રેસે ૨ અને ૩ જૂને તિલક ભવન ખાતે મહત્વપૂર્ણ બેઠક બોલાવી છે. મહારાષ્ટ્ર કોંગ્રેસના અધ્યક્ષ નાના પટોલેની અધ્યક્ષતામાં યોજાનારી આ બેઠકમાં તમામ દિગ્ગજ નેતાઓ અને જિલ્લા વડાઓ હાજરી આપશે. બેઠક અંગે મહારાષ્ટ્ર કોંગ્રેસના અધ્યક્ષ નાના પટોલેએ જણાવ્યું હતું કે કોંગ્રેસનો ઉદ્દેશ્ય ભાજપને હરાવવાનો છે અને પાર્ટીએ આગામી લોકસભાની ચૂંટણી પૂરી તાકાતથી લડવાનો સંકલ્પ કર્યો છે. કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે કોંગ્રેસ પાર્ટીએ હિમાચલ પ્રદેશ અને કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં જંગી મતોથી જીત મેળવી છે. આ જીતથી કોંગ્રેસના કાર્યકરોમાં નવી ઉર્જાનો સંચાર થયો છે. મહારાષ્ટ્રમાં પણ ભાજપને હારનો સામનો કરવો પડશે. આ બેઠકમાં વિધાયક દળના નેતા બાલાસાહેબ થોરાત, પૂર્વ મુખ્યમંત્રી સુશીલ કુમાર શિંદે, અશોક ચવ્હાણ, પૃથ્વીરાજ ચવ્હાણ, પ્રદેશ કાર્યકારી અધ્યક્ષ નસીમ ખાન, અમરજીત સિંહ મનહાસ અને અન્ય સભ્યો હાજર રહેશે. લોકસભા મતવિસ્તારના અગ્રણી આગેવાનો, જિલ્લા પ્રભારી, પૂર્વ સાંસદ, ધારાસભ્ય, જિલ્લા પ્રમુખ, ૨૦૧૯ની લોકસભા અને વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર અને જિલ્લાના મંડલ પ્રમુખ પણ ઉપસ્થિત રહેશે.

# રાજ્યમાં આગામી દિવસોમાં લગ્ન-નોંધણી માટે થેલેસેમિયાનું સર્ટિફિકેટ ફરજિયાત બનશે




ગાંધીનગર, તા.૩૦
રાજ્યમાં આગામી દિવસોમાં હવે લગ્ન નોંધણી માટે પતિ-પત્નીનું થેલેસેમિયાનું સર્ટિફિકેટ ફરજિયાત આપવું પડશે. રાજ્યમાં લગ્ન નોંધણી વખતે પતિ-પત્નીનું થેલેસેમિયાનું સર્ટિ જોડવું પડશે. રાજ્યમાં થેલેસેમિયાને વધતો અટકાવવા ગુજરાત સરકાર આગામી દિવસોમાં આ મહત્ત્વનો નિર્ણય લેશે. લગ્ન નોંધણી વખતે જ દંપતીએ તેમનું થેલેસેમિયા છે કે નહીં તેનું માન્ય તબીબનું સર્ટિફિકેટ જોડવું ફરજિયાત કરવામાં આવશે. રાજ્યમાં થેલેસેમિયા વાળા બાળકોને જન્મતા અટકાવવા માટે રાજ્ય સરકાર આગામી દિવસોમાં મહત્ત્વનો નિર્ણય લેશે તેવી વિગતો સૂત્રો દ્વારા પ્રાપ્ત થઈ રહી છે. આજના સમયમાં લોકોને બ્લડ સાથે જોડાયેલ ઘણા પ્રકારની બીમારી થાય છે. થેલેસેમિયા પણ લોહી સાથે સંબંધિત બીમારી છે. થેલેસેમિયા અંતર્ગત હિમોગ્લોબીન બનવાની પ્રક્રિયા ખૂબ ખરાબ રીતે અવ્યવસ્થિત થઈ જાય છે. જેના કારણે રેડ બ્લડ સેલ્સની સંખ્યા ઓછી થવા લાગે છે. થેલેસેમિયાથી પીડિત રોગી એનિમિયાની ચપેટમાં આવી શકે છે. ભારતમાં થેલેસેમિયાના કેસો ઝડપથી વધી રહ્યા છે. થેલેસેમિયાને શોધવા માટે લોહીના હિમોગ્લોબિન HPLCનું પરીક્ષણ કરવામાં આવે છે. લગ્ન પછી, પતિ-પત્નીએ થેલેસેમિયા ટેસ્ટ કરાવવો જોઈએ જેથી જન્મ લેનાર બાળકને આ બીમારીથી સુરક્ષિત રાખી શકાય. થેલેસેમિયાથી પીડિત બાળકમાં ઘણી નબળાઈ, શ્વાસની તકલીફ, બરોળનું મોટું થવું અને ચહેરામાં ફેરફાર થાય છે. આ બધા લક્ષણો દ્વારા રોગ ઓળખી શકાય છે. રાજ્યમાં થેલેસેમિયાના દર્દીઓ ઘટે અને રોગને વધતો અટકે તેના ભાગરૂપે જ આ નવો નિર્ણય અમલમાં લવાય તેવી વિગતો પ્રાપ્ત થઈ રહી છે.

# રાજ્યની સ્કૂલોમાં અગાઉથી જ ચાલતા બાલ મંદિરો પાસેથી નોંધણી ફી ન વસૂલવા રજૂઆત

## સંચાલક મંડળ દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખી આવા બાલ મંદિરોની માત્ર ઠરાવ અને એફિડેવિટના આધારે નોંધણી કરવા માંગણી કરી

અમદાવાદ, તા.૩૦
રાજ્યમાં આવેલી સ્કૂલો કે જ્યાં અગાઉથી જ બાલ મંદિરો ચાલતા હોય તેમની પાસેથી નોંધણી ફી ન વસૂલવા માટે રાજ્યના મુખ્યમંત્રી સમક્ષ લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. આવી સ્કૂલો અગાઉથી જ ફી કમિટી સમક્ષ નોંધાયેલી હોય છે અને આવી સ્કૂલોના બાલ મંદિરની ફી પણ કમિટી દ્વારા જ નક્કી થતી હોવાથી તેમને રૂા.૫ હજાર નોંધણી ફી ભરવામાંથી મુક્તિ આપવા માટે માગણી કરવામાં આવી છે. જ્યારે રાજ્યની એવા બાલ મંદિર કે જે કોઈ સ્કૂલ સાથે સંકળાયેલા નથી, માત્ર બાલ મંદિર જ ચલાવે છે અને ક્યાંય નોંધાયેલા નથી તેમની પાસથી ફી લેવામાં આવવી જોઈએ.

રાજ્યમાં નવી શિક્ષણનિતીના અમલના પગલે બાલ મંદિરોની નોંધણી પણ ફરજિયાત કરાઈ છે. જેમાં નોંધણી માટે રૂા.૫ હજાર ફી રાખવામાં આવી છે. આ મુદ્દાઓને લઈને સંચાલક મંડળ દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખીને રજૂઆત કરાઈ છે. જેમાં જણાવાયું છે કે, જે પ્રાથમિક સ્કૂલો મંજુરીથી ચાલુ થઈ છે અને તેમાં બાલ મંદિર ચાલતા હોય તો તેમને વર્ગ સંખ્યા મુજબ માન્ય રાખવા જોઈએ. ઉપરાંત વર્તમાન સમયમાં કે.જી.થી ધોરણ-૧૨ સુધીના વર્ગો ચલાવતી ગમે તે માધ્યમની શાળા હોય તેમને પણ માન્ય ગણી નોંધણી કરવી જોઈએ. આ સ્કૂલોના પૂર્વ પ્રાથમિક વિભાગને ૨૦૧૭થી ફી કમિટીના કાયદાઓ લાગી પાડીને ફીને નિયંત્રિત કરવામાં આવે છે. આમ, આ પ્રકારની સ્કૂલો જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અને ઝોનલ કક્ષાએ ફી નિયમન સમિતિમાં નોંધાયેલી છે. જેથી આવી સંસ્થાઓને ફક્ત નોંધણીનો દાખલો આપવાનો રહે છે, તેમ સંચાલક મંડળનું માનવું છે. આ પ્રકારની સ્કૂલો પાસેથી ઠરાવ અને એફિડેવીટ જ પર્યાપ્ત દસ્તાવેજ ગણાય અને તેમને રૂા.૫ હજાર નોંધણી ફીમાંથી મુક્તિ આપવી જોઈએ તેવી પણ ભલામણ સંચાલક મંડળે કરી છે.

રાજ્યમાં વર્ષોથી માત્ર બાલ મંદિરો જ ચાલતા હોય અને તેમની ક્યાંક નોંધણી થયેલી નથી. આવા બાલ મંદિરો શરૂ કરવા માટે વર્ગખંડના માપ તથા વિદ્યાર્થી સંખ્યા સહિતની બાબતોની ચકાસણી કરી નોંધણી કરવી જોઈએ. આ પ્રકારના બાલ મંદિરો પાસેથી રૂા.૫ હજાર નોંધણી ફી વસૂલવામાં આવે તેની સામે સંચાલક મંડળને કોઈ પણ પ્રકારનો વાંધો નથી.

# વિદેશી વિદ્યાર્થીઓ ઉપર તેમના પરિવારને સાથે લઈ જવા ઉપર UKમાં પ્રતિબંધ : નવા નિયમો શું છે ? આ નિર્ણય શા માટે લેવામાં આવ્યો છે ?

(એજન્સી) તા.૩૦
યુનાઈટેડ કિંગડમ (યુકે) હોમ ઓફિસે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે નવા ઈમિગ્રેશન નિયમો રજૂ કર્યા છે, ઈમિગ્રેશન સંખ્યામાં થયેલા વધારા પછી તેમના પરિવારના સભ્યોને દેશમાં લાવવા ઉપર પ્રતિબંધ મૂક્યો છે. હોમ સેક્રેટરી સુએલા બ્રેવરમેનની આગેવાની હેઠળ હોમ ઓફિસ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદન અનુસાર, ભારત સહિત વિદેશના બિન-સંશોધન પોસ્ટ-ગ્રેજ્યુએશન વિદ્યાર્થીઓને હવે તેમના પરિવારના સભ્યો અથવા આશ્રિતોને તેમની સાથે યુકેમાં જવાની પરવાનગી આપવામાં આવશે નહીં. હોમ ઓફિસે કહ્યું છે કે, આ નિયમો જાન્યુઆરી ૨૦૨૪માં લાગુ કરવામાં આવશે. આ નીતિ પરિવર્તનને યુકેના વડાપ્રધાન ઋષિ સુનક અને બ્રેવરમેન દ્વારા દેશમાં સ્થળાંતર કરનારાઓના ધસારાને નિયંત્રિત કરવાનો પ્રયાસ માનવામાં આવે છે. સુનકે દાવો કર્યો હતો કે, આ પગલું સ્થળાંતર સંખ્યા ઘટાડવામાં નોંધપાત્ર યોગદાન આપશે. હાઉસ ઓફ કોમન્સમાં એક લેખિત નિવેદનમાં ગૃહ સચિવ સુએલા બ્રાવરમેને જણાવ્યું હતું કે, સુધારેલા નિયમો માત્ર આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે ઈમિગ્રેશન નિયમોને અસર કરે છે. અપડેટ માર્ગદર્શિકા મુજબ, માત્ર અનુસ્નાતક અભ્યાસક્રમોમાં નોંધાયેલા વિદ્યાર્થીઓને ખાસ કરીને સંશોધન કાર્યક્રમો તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે, તેઓને તેમના પરિવારના સભ્યો, બાળકો અને વૃદ્ધ માતા-પિતા સહિત, દેશમાં આશ્રિત તરીકે લાવવાનો વિશેષાધિકાર આપવામાં આવશે. જો કે, વર્તમાન સ્નાતક વિઝા નિયમો મુજબ માસ્ટરના વિદ્યાર્થીઓને તેમના જીવનસાથી અને બાળકોને તેમની સાથે યુકેમાં રાખવાની મંજૂરી આપી હતી અને વિદ્યાર્થીઓના અભ્યાસક્રમો પૂરા કર્યા પછી તેમને ૨૪ મહિના સુધી દેશમાં રહેવાની પરવાનગી આપવામાં આવી હતી. શ્રીમતી બ્રેવરમેને ભારપૂર્વક જણાવ્યું હતું કે, શ્રેષ્ઠ અને તેજસ્વી વિદ્યાર્થીઓ આશ્રિતોને લાવી શકે તેની ખાતરી કરવા માટે વૈકલ્પિક અભિગમ માટે સરકાર યુનિવર્સિટીઓ સાથે મળીને કામ કરશે. અમે યુકેમાં તેજસ્વી અને શ્રેષ્ઠ લોકોને આકર્ષવા માટે પ્રતિબદ્ધ છીએ. તેથી અમારો હેતુ આગામી વર્ષ દરમ્યાન યુનિવર્સિટીઓ સાથે વૈકલ્પિક અભિગમની રચના કરવાનો છે. અમે વિઝા સાથે દેશમાં લાવવામાં આવતા વિદ્યાર્થીઓના આશ્રિતોની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો જોયો છે. અમે સ્થળાંતરની સંખ્યા ઘટાડી શકીએ તેની ખાતરી કરવા માટે આ માર્ગને વધુ કડક કરવાનો સમય આવી ગયો છે. બ્રેવરમેને જણાવ્યું હતું કે, અર્થતંત્રમાં નોંધપાત્ર યોગદાન આપનારા વિદ્યાર્થીઓનું સ્વાગત કરવામાં આવશે સાથે જાહેર સેવાઓની સુરક્ષા માટે આ પગલું જરૂરી છે. આ પગલાંની જરૂરિયાત અંગે યુકેના સ્થળાંતર આંકડાઓ દર્શાવે છે કે, ડિસેમ્બર ૨૦૨૨ સુધી પ્રાયોજિત વિદ્યાર્થીઓના આશ્રિતોને અંદાજે ૧,૩૬,૦૦૦ વિઝા આપવામાં આવ્યા હતા, જે ૨૦૧૯માં ૧૬,૦૦૦થી આઠ ગણો વધારો દર્શાવે છે. યુનિવર્સિટી અને કોલેજ યુનિયનના જનરલ સેક્રેટરી જો ગ્રેડીએ બ્રેવરમેનની આ દરખાસ્તને શરમજનક ગણાવી અને તેને પ્રતિશોધાત્મક કહેતા કહ્યું કે, યુકેમાં આવનારી આંતરરાષ્ટ્રીય પ્રતિભાઓ માટે પગલાંનું પેકેજ કેટલું નુકસાનકારક હોઈ શકે છે તે અંગે સમગ્ર ક્ષેત્રમાં પહેલેથી જ ઊંડી ચિંતા છે. જેઓ યુકેમાં અભ્યાસ કરવાનું પસંદ કરે છે પછી ભલે તેઓ ગમે ત્યાંના હોય, આપણા સમાજ માટે મૂલ્યવાન છે અને તેઓ તેમના પ્રિયજનોની સાથે રહેવાના અધિકારને પાત્ર છે. તેના બદલે તેમની સાથે તિરસ્કાર સાથે વ્યવહાર કરવામાં આવી રહ્યો છે. યુનિવર્સિટીઝ યુકે ઈન્ટરનેશનલના ડાયરેક્ટર જેમી એરોસ્મિથે જણાવ્યું હતું કે, આશ્રિતોના નિયમમાં ફેરફારની ચોક્કસ દેશોની મહિલાઓ અને વિદ્યાર્થીઓ ઉપર અપ્રમાણસર અસર થવાની સંભાવના છે. જો કે, ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ અને ટોરી નેતૃત્વ બંનેએ હોમ સેક્રેટરીના આ પગલાનો બચાવ કર્યો છે અને કહ્યું છે કે, તે ઈમિગ્રેશનની સંખ્યા ઘટાડવાના સરકારના ઉદ્દેશ્યને અનુરૂપ પગલું છે.

# મેંદરડાનાં અપહરણ કેસનાં ૪ આરોપીને ઝડપી પાડતી જૂનાગઢ ક્રાઈમ બ્રાંચ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૩૦

જયદીપભાઈ અરવિંદભાઈ કુંભાણી આજથી વિસેક દિવસ પહેલા સુરત ખાતેથી એક કોળી જ્ઞાતિની છોકરી કાજલબેનને ભગાડી ગયેલ હોય જેનું મનદુઃખ રાખી ગત તા. ૧૪ મેનાં રોજ કાજલબેનનાં ભાઈ નિલેશભાઈ રાજુભાઈ ઝાપડીયા ફરીયાદીનાં ઘરે આવી તેમની બહેનને હાજર નહી કરો તો જોયાજેવી થશે તેવી ધમકી આપી જતા રહેલ આ નિલેશભાઈ તથા તેનાં મિત્ર નીતીન પરમાર તથા અમિષભાઈ અમૃતીયા તથા બીજા બે અજાણ્યા માણસો આઉથી કાવતરૂ કરી ગેરકાયદેસર મંડળી રચી ફરીયાદીનાં ઘરે આવી આ ફરીયાદીનાં ભાઈ અરવિંદભાઈ ઉર્ફે ઈંદુભાઈ કુંભાણીને અછેક વેગનઆર કંપનીની કાર નં. જીજે-૦૫-આરપી ૧૯૮૮માં અપહરણ કરી ગયાની ફરીયાદ મેંદરડા પોલીસ સ્ટેશનમાં નોંધાવતાં જૂનાગઢ ક્રાઈમ બ્રાંચે તપાસ કરતાં ઘોલેરા પોલીસ સ્ટેશનની હદમાં આવેલ પીપળી ગામની ચોકડી પાસે આવેલ શ્રીનાથજી હોટેલ પાસેથી આ કામનાં આરોપી નિલેશ ઝાપડીયા, નીતીન પરમાર, અમીષ અમૃતીયા અને સૌરવ હિરાણીને ઝડપી લઈ મેંદરડા પોલીસને સોંપી આપેલ છે.



આ કામગીરીમાં જૂનાગઢ ક્રાઈમ બ્રાંચનાં ઈન્ચાર્જ પીઆઈ જે.જે. પટેલ, પીએસઆઈ જે.જે. ગઢવી, વલ્લભીપુર પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ માનસિંહ ભલગારીયા, ઘોલેરા પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ નકુલ પંચાલ તથા જૂનાગઢનાં સાહિલભાઈ સમા, ભરતભાઈ સોલંકી, વરજાંગભાઈ બોરીચા, વલ્લભીપુરનાં દિગ્વિજયસિંહ ગોહીલ, વિજયસિંહ ગોહીલ, બ્રીજરાજસિંહ ગોહીલ તથા ઘોલેરાનાં શિવભદ્રસિંહ ચંદ્રસિંહ, પૃથ્વીરાજસિંહ હેમંતસિંહ, મહેશભાઈ ગોરધનભાઈ વિગેરે જોડાયેલ હતાં.

# સાસણ ગીરથી ૧૨ કિમી પશ્ચિમ દિશાના અંતરે આવેલ દેવળિયા સફારી પાર્ક

## વન વિભાગ દ્વારા પ્રાણી-પક્ષીઓ માટે પાણીના પોઈન્ટ ઉભા કરાયા







જૂનાગઢ, તા.૩૦

દેવળિયા સફારી પાર્ક એ ૪.૧૨ ચોરસ કિલો મીટરમાં ફેલાયેલુંછે. બસ અથવા જીપ્સી વડે દેવળિયા સફારી પાર્કમાં સિંહ, હરણ, દિપડા, કાળિયાર સહિતના પ્રાણી અને વિવિધ પ્રકારના પક્ષીઓ જોઈ શકાય છે. ઉનાળાના વેકેશનને લઈને પ્રવાસીઓનો ધસારો જોવા મળે છે. ત્યારે વન વિભાગ દ્વારા દેવળિયા સફારી પાર્કમાં પાણીના કૃત્રિમ પોઈન્ટ પણ ઉભા કરવામાં આવ્યા છે. જો તમે ભવ્ય ગીર દેવળિયા સફારી ચૂકી જશો તો તમારો ગુજરાત પ્રવાસ અધૂરો રહેશે તેની ખાતરી છે. દેવળિયા સાસણ ગીરથી લગભગ ૧૨ કિમી પશ્ચિમે આવેલું છે. આ ગીર રાષ્ટ્રીય ઉદ્યાનની અંદરનો એક વિસ્તાર છે. જે ગીર ઈન્ટરપ્રિટેશન ઝોન અથવા ફક્ત દેવળિયા તરીકે વધુ જાણીતો છે. આ ફેન્સ્ડ કમ્પાઉન્ડ ૪.૧૨ ચોરસ કિલોમીટરના વિસ્તારને આવરી લે છે. અને ગીરના વન્યજીવનું વતન છે. આ પ્રદેશમાં તમને સિંહોનો શ્રેષ્ઠ નજારો મળવાની ખાતરી છે. જો કે, અહીં પ્રાણીઓ સ્ટેજ-મેનેજ હોય તેવું લાગે છે અને આ પ્રદેશને સમગ્ર ઉદ્યાન માટે શ્રેષ્ઠ વિકલ્પ તરીકે ગણી શકાય નહીં. સિંહોની સાથે, તમે સ્પોટેડ હરણ અને અન્ય પ્રાણી, પક્ષીઓ પણ શોધી શકો છો. પાંજરાની અંદર પડેલા ભવ્ય દિપડાઓ પણ આકર્ષકનું દૃશ્ય છે.

# પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ ખાતે ૪૭ શિબિરાર્થીઓએ ખડક ચઢાણ બેઝિક કોર્સની તાલીમ લીધી

પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ ખાતે ૪૭ શિબિરાર્થીઓએ ખડક ચઢાણ બેઝિક કોર્સની તાલીમ લીધી





જૂનાગઢ,તા.૩૦

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અને કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગર આયોજિત પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ સંચાલિત ખડક ચઢાણ બેઝિક કોર્સના શિબિરાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. ગુજરાત ભરના વિવિધ ૧૨ જિલ્લા ના ૪૭ જેટલા ભાઈઓ અને બહેનો એ ભાગ લીધો હતો . સફળતા પૂર્વક શિબિર પૂર્ણ કરનાર શિબિરાર્થીઓ હવે માઉન્ટ આબુ ખાતે એડવાન્સ કૉર્સ માટે જઈ શકશે . સમાપન કાર્યક્રમમાં ગુજરાત રાજય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ ના ઉપપ્રમુખ નિલેશભાઈ સોનારા , જિલ્લા રમત ગમત અધિકારી જૂનાગઢ શહેર હિતેશ ભાઈ ડાંગર, ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જ ઉપેન્દ્રસિંહ રાઠોડ, જૂનાગઢ ગ્રામ્ય વ્યાયામ શિક્ષક સંઘ ના પ્રતિનિધિ ભરતભાઈ ભેટારીયા, માનદ ઈન્સ્ટ્રક્ટર મિલન વાગડીયા, કલ્પેશ બારૈયા, વિમલ વાગડીયા, વિપુલ કરેણા, કલ્પેશ ડાભી, સંદીપ ભીલ ના હસ્તે પ્રમાણપત્રો એનાયત કર્યા હતા. ગુજરાત ના યુવાનો ને સાહસ ના ક્ષેત્રે અગ્રેસર કરવા



અને શારીરિક અને માનસિક રીતે કોઈ પણ સંજોગો માં જુકે નહિ તેવા ત્યાર કરવા ના હેતુ સાથે આ શિબિર યોજાઈ હતી. ખડક ચઢાણ બેઝિક કોર્સમાં ભાગ લઈ ટ્રેકીંગ, પી.ટી.તાલીમ, રોક ક્લાઈમીંગ - રેપલીંગ, રોપ નોટ, કોઈલ તથા રોક ફોરમેશન, ક્લાઈમ્બીંગ ટેકનીકસ, રેપલીંગ એન્ડ બીલે, માઉન્ટેન હીસ્ટ્રી, માઉન્ટેન ઈક્યુપમેન્ટ, પર્યાવરણ સંરક્ષણ જાગૃતતા, સફાઈ અભીયાનની વિવિધ તાલીમ માનદ ઈન્સ્ટ્રક્ટરો દ્વારા આપવામાં આવી હતી.

# નાબાર્ડના સહયોગથી કૌશલ્ય અને ઉદ્યમિતા વિકાસ સંસ્થા (સેડી) કોડીનાર ખાતે ત્રણ કોર્ષની નવી બેચનો થયેલ શુભારંભ

## તાલીમાર્થીઓની સફળતાનું આલેખન કરતા પુસ્તક 'એક કદમ કામયાબી કી ઔર'નું પણ થયું લોન્ચિંગ



વેરાવળ, તા.૩૦

ગુજરાત સરકાર મારફતે સ્કિલ દ્વારા યુવા પગભર બને એ દિશામાં સકારાત્મક કામગીરી થઈ રહી છે. નાબાર્ડ બેંકના સહયોગથી અંબુજા સીમેન્ટ કોડીનાર સ્થિત રોજગારલક્ષી કૌશલ્ય તાલીમ કેન્દ્ર, કૌશલ્ય અને ઉદ્યમિતા વિકાસ સંસ્થા (સેડી) ખાતે વિદ્યાર્થીઓને ટેક્નીકલ કૌશલ્યથી સજ્જ કરતા બિઝનેસ પ્રોસેસ આઉટસોર્સિંગ (બીપીઓ), આસિસ્ટન્ટ નર્સિંગ કોર્ષ, જીડીએ તેમજ ગૃહિણીઓ માટે વર્ક ફ્રોમ હોમ એમ ત્રણ કોર્ષની નવી બેચની શરૂઆત થઈ હતી તેમજ તાલીમાર્થીઓની સફળતાની વાત કહેતી બુકલેટ 'એક કદમ કામયાબી કી ઔર'નું પણ લોન્ચિંગ થયું હતું.

આ તકે નાબાર્ડના ડીડીએમ કિરણ રાઉતે ઉપસ્થિત વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક માર્ગદર્શન આપતા કહ્યું હતું કે,'આ તમામ કોર્ષ એવા છે કે તમારૂ ભણતર ઓછું હશે તો પણ તમે આગળ વધી શકશો કારણકે હવે એકવીસમી સદીમાં ટેક્નિકલ કૌશલ્ય અને તાલિમ જ મહત્વના છે. તમારી આવડત અનુસાર કોર્ષ પસંદ કરીને તમે પગભર થઈ શકો છો અને કુટુંબને પણ મદદરૂપ બની શકો છો.' જ્યારે આરસેટી ડિરેક્ટર પી.એલ.ગોહેલે જણાવ્યું હતું કે, આવા કૌશલ્યવર્ધક કોર્ષના કારણે સ્કિલ તો ખીલે જ છે ઉપરાંત વિદ્યાર્થીમાં કોમ્યુનિકેશન સ્કિલ નીખરે છે અને કોન્ફિડન્સ પણ વધે છે આમ કહી પ્રત્યેક તાલીમાર્થી પગભર થઈ અને સમાજમાં અનોખું સ્થાન મેળવે એવી શુભકામનાઓ પાઠવી હતી. આ કોર્ષ અંતર્ગત બીપીઓમાં ટ્રેનિંગ લઈ ચૂકેલી લામધારની તાલિમાર્થી વનિતાબહેને દિલ્હી નોકરી કરવા જવાનો પોતાનો સ્વાનુભવ જણાવ્યો હતો. સંઘર્ષથી સફળતાની કેડી કંડારતો અનુભવ ઉપસ્થિત તમામ માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જલ્પા ભેટારિયાએ કર્યુ હતું.

આ તકે વાઈસ પ્રેસિડન્ટ ઓફ સ્કિલ ટ્રેનિંગ (અંબુજા ફાઉન્ડેશન) રવિ નાય્સે, ડીજીએમ દલસુખ વઘાસિયા, અંબુજાનગર શેડીના આચાર્ય પંકજ ચોપરા, તાલીમાર્થીઓ અને તેમના વાલીઓ સહિત સ્થાનિક ગ્રામજનોની પણ બહોળા પ્રમાણમાં ઉપસ્થિતિ રહી હતી.

# નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટરે અભૂતપૂર્વ પ્રતિસાદ મળતા આર્ટ એન્ડ ક્રાફ્ટ પ્રદર્શન સ્વદેશ લંબાવ્યું

મુંબઈ, તા.૩૦

પરંપરાગત કુશળ કારીગરોને કામ કરતાં જોવાની તક આપનારા રિલાયન્સ ફાઉન્ડેશનના પ્રદર્શન સ્વદેશની સમયમર્યાદા વધારવાનો નિર્ણય નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટરે લીધો છે. આ પ્રદર્શન એક એવી જગ્યા છે જ્યાં મુલાકાતીઓને પિછવાઈ, તાંજોર, પટ્ટચિત્ર, પટોળા, વેંકટગીરી, બનારસ, પૈઠણ અને કાશ્મીરના વણાટ તથા જયપુરના બ્લુ પોટરી જેવા પ્રખ્યાત પરંપરાગત કળા સ્વરૂપોના કુશળ નિષ્ણાત કારીગરોને કામ કરતાં જોવાની અને તેમની સાથે વાર્તાલાપ કરવાનો અનન્ય અનુભવ પૂરો પાડે છે. કામ કરતાં કારીગરો - પરંપરાગત લૂમ્સ ઉપર કાર્પેટ અને સાડીઓ બનાવતા, વેજીટેબલ શાહી અને સોયનો ઉપયોગ કરીને પેઈન્ટિંગ બનાવતા કારીગરો - પ્રેક્ષકો સાથે વાર્તાલાપ કરી શકે છે, અહીં આવતાં મુલાકાતીઓ માટે આ એક અનન્ય અને અત્યંત પ્રશંસાપાત્ર અનુભવ બની રહ્યો છે. આનાથી હસ્તકળાની નૈસર્ગિક અપીલ એક પ્રકારના પર્ફોર્મિંગ આર્ટનો અનુભવ કરાવી જાય છે. "ભારતના કારીગરો આપણા દેશનું ગૌરવ છે. તેમની કુશળતા અને હસ્તકળા આપણી સંસ્કૃતિના અભિન્ન અંગ છે. એનએમએસીસી ખાતે અમારા માટે સન્માનની વાત છે કે તેમને તેમના કૌશલ્ય અને પ્રતિભાને પ્રદર્શિત કરવા માટે વૈશ્વિક મંચ મળે, તેમને સન્માનિત કરવામાં આવે અને આ વારસો આવનારી પેઢીઓ સુધી પહોંચે, તેમ રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરપર્સન શ્રીમતી નીતા અંબાણીએ જણાવ્યું હતું.'' "અમારા ભારતીય અને આંતરરાષ્ટ્રીય મહેમાનો તરફથી તેમને જે આદર અને પ્રશંસા મળી છે તે જોઈને મને સૌથી વધુ આનંદ થાય છે. હું તેમની સાથેના મારા આદાનપ્રદાન થકી આનંદ અનુભવતી હતી, અને તેમની વાતો સાંભળીને અને હસ્તકળા પ્રત્યેની તેમની અસાધારણ ઉત્કટતા જોઈને મને ખૂબ આનંદ થતો હતો. સ્વદેશ એ આપણા વારસાની ઉજવણી છે અને મને આશા છે કે તે આપણા કારીગરો માટે સન્માન, માન્યતા અને તેમની કળાના સાતત્યની નવી શરૂઆત કરશે.'' જ્યારે કળાકારો એનએમએસીસીમાં પધાર્યા નીતા મુકેશ અંબાણી સાંસ્કૃતિક કેન્દ્ર જ્યારથી વિશ્વ



માટે ખુલ્યું છે ત્યારથી મુલાકાતીઓ આ સેન્ટર અને તેના આકર્ષણોના ઘણા પાસાઓની પ્રશંસા કરી રહ્યા છે. સ્વદેશ એક્સપિરિયન્સ ઝોને કલ્ચરલ સેન્ટરના પ્રેક્ષકો માટે માત્ર કુશળ કારીગરોને પ્રત્યક્ષ કામ કરતાં જોવાની જ તક નથી આપી, પરંતુ તેમની કૃતિઓ પણ ખરીદી શકે તે માટે સુંદર ડિઝાઈન કરેલા સ્ટોલ સાથે પરંપરાગત કળાકારોની જગ્યાને જીવંત બનાવી છે. અગાઉ બીજી એપ્રિલ સુધી ત્રણ દિવસ માટે નક્કી કરવામાં આવેલું આ પ્રદર્શન હવે કારીગરોને મળેલા જબરજસ્ત પ્રતિસાદના કારણે લંબાવવામાં આવ્યું છે, કારણ કે પ્રસંશકો અહીં વિશાળ સંખ્યામાં આવી રહ્યા છે અને દરરોજ કારીગરોને મળતાં ઓર્ડરની સંખ્યા વધી રહી છે, જેની સંપૂર્ણ આવક કારીગરોને મળે છે. જે પ્રદર્શનની સમય મર્યાદા વધારવામાં આવી છે તેમાં પલગાઈ પદમ - તમિલનાડુની તાંજોર પેઈન્ટિંગ, આંધ્રપ્રદેશની વેંકટગીરી વેવ્સ, ગુજરાતના પટોળા વણાટ અને આંધ્રપ્રદેશની થોલુ બોમ્મલતા લેધર શેડો પપેટ્રીનો સમાવેશ થાય છે. તાંજોર ચિત્રોમાં દેવતાઓનું સોનાના વરખનું અદભૂત નિરૂપણ; વેંકટગિરી વણાટની જટિલ ઝરી પેટર્નિંગ સાથેના સુંદર કાપડ; ગુજરાતના પટોળાના વણાટ; આંધ્રપ્રદેશની થોલુ બોમ્મલતા શેડો પપેટ્રી અને કાગળ તથા માટીના મિશ્રણથી બનાવવામાં આવતાં બોબલ-હેડ રમકડાં; આ પ્રદર્શનનો એક ભાગ છે. અથાંગુડી ઈકો-ફ્રેન્ડલી ટાઈલ્સ અને રસ્ટિક ક્લાસિક સાઉથ ઈન્ડિયન 'ધ વૂડન ટચ' ડેકોર, સાથે આખી જગ્યા જ પોતે જ એક જીવંત અહેસાસ કરવાનો અનુભવ બની રહે છે. રિલાયન્સ ફાઉન્ડેશને વર્ષોથી પરંપરાગત ભારતીય કારીગરોને તેમની પ્રતિભા રજૂ કરવા અને તેમના કામને વ્યાપક પ્રેક્ષકો સુધી લઈ જવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. પરંપરાગત કળાકારો અને હસ્તકળા કારીગરો માટે આજીવિકાની તકો ઊભી કરવાથી જોખમમાં મુકાયેલા કળાના સ્વરૂપોને નવી જિંદગી મળેછે, જેથી તેમનું કાર્ય ચાલુ રહે તે સુનિશ્ચિત થાય. આ પ્રયાસની અભૂતપૂર્વ સફળતા રાષ્ટ્રીય અને વૈશ્વિક પ્લેટફોર્મ પર ભારતના સમૃદ્ધ વારસાને પ્રદર્શિત કરનારા નવા કલ્ચરલ સેન્ટરની માન્યતામાં વધુ એક બીજું પાસું ઉમેરે છે. આ પ્રયાસોએ કારીગરોને સતત રોજગારીની તકો પૂરી પાડીને કળાના સ્વરૂપની જાળવણી અને તેનું રક્ષણ કરવામાં મદદ કરી છે. કારીગરો પ્રત્યેની આ લાંબા સમયની પ્રતિબદ્ધતાના ભાગરૂપે સ્વદેશ એ દિશામાં વધુ એક પગલું છે.

# ખંભાળિયામાં કેબિનેટ મંત્રીના અધ્યક્ષ સ્થાને શહેર ભાજપની કારોબારી બેઠક યોજાઈ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

ગુજરાત પ્રદેશ ભાજપની સૂચના મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપના માર્ગદર્શન હેઠળ ખંભાળિયા શહેર ભાજપ મંડલની કારોબારી અહીંના યોગ કેન્દ્ર ખાતે યોજવામાં આવી હતી. જેમાં પક્ષની પરંપરા મુજબ સાંઘીક ગીત વંદેમાતરમનું ગાન કરવામાં આવ્યું હતું. આ કારોબારીમાં શહેર ભાજપ પ્રમુખ અનિલભાઈ તન્ના દ્વારા સ્વાગત વિધિ કરવામાં આવી હતી. જેમાં ભાજપની ટીમ દ્વારા કરવામાં આવેલા વિવિધ કામો અંગેની માહિતી આપવામાં આવી હતી. આ સાથે આગામી કાર્યક્રમો વિશે જિલ્લા ભાજપના મહામંત્રી રસિકભાઈ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે સાથે જન સંપર્ક યાત્રાનું સંપૂર્ણ આયોજન અને કાર્યક્રમો વિશે સિનિયર આગેવાન પાલાભાઈ કરમુર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત અહીંના ધારાસભ્ય અને ગુજરાતના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ કેન્દ્ર સરકાર અને રાજય સરકારે કરેલા વિકાસ કાર્યો અને યોજના વિશે



**સાંસદ પૂનમબેન માડમ દ્વારા શહેર માટે કરવામાં આવેલા વિકાસ કાર્યોના યોગદાન, નવી રેલવે સુવિધાઓ વગેરેની રૂપરેખા રજૂ કરવામાં આવી**

માર્ગદર્શન આપ્યું હતું. તેમજ આગામી સમયમાં ખંભાળિયા માટે અનેક યોજનાઓ આવી રહી હોવા અંગેની રૂપરેખા આપી હતી. આ બેઠકમાં હાલારના સાંસદ પૂનમબેન માડમ દ્વારા શહેર માટે કરવામાં આવેલા વિકાસ કાર્યોના યોગદાન, નવી રેલવે સુવિધાઓ વિગેરેની રૂપરેખા રજૂ કરવામાં આવી હતી. આગામી સમયમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કેન્દ્રમાં નવ વર્ષ પૂર્ણ થતા તારીખ ૩૦ મે થી ૩૦ જૂન સુધી શહેરમાં કરવામાં આવનાર ઉજવણી અંગે ઉપસ્થિતોને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શહેર યુવા ભાજપની નવી ટીમ જાહેર કરવામાં આવી હતી. આ મંડલ કારોબારીમાં જિલ્લા ભાજપના આગેવાનો, શહેર ભાજપની ટીમ, નગરપાલિકા પ્રમુખ અને સદસ્યો, મોરચાના હોદેદારો, કારોબારી સમિતિના સક્રિય સદસ્યો ઉપરાંત સર્વે મોરચા સેલના હોદેદારો અને અપેક્ષીત કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શહેર ભાજપની આ કારોબારીને સફળ બનાવવા માટે શહેર ભાજપની ટીમ અને યુવા ટીમ દ્વારા જેહમત ઉઠાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શહેર ભાજપના મહામંત્રી ઈન્દ્રજીતસિંહ પરમાર અને મુકેશભાઈ કાનાણી દ્વારા કરવામાં આવ્યું હતું. આભાર વિધી મહામંત્રી પીયુષભાઈ કણજારીયા દ્વારા કરવામાં આવી હતી.

